Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## शार्दुलविक्रिडितम्.

पूजामाचरतां जगत्रयपतेः संघार्चनं कुर्वताम् ।
तीर्थानामभिवंदनं विदधतां जैनं वचः शृण्वताम् ॥
सद्दानं ददतां तपश्च चरतां सत्वानुकंपा कृतां ।
येषां यांति दिनानि जन्म सफलं तेषां सुपुण्यात्मनाम् ॥१॥

" જે પુણ્યાત્માઓના દિવસો ત્રિજગત્પતિ જિનેશ્વરની પુજા કરતાં, સંઘનું સેવન કરતાં, તીર્થોનું વંદન કરતાં, જિનવાણી સાંભળતાં, સુપાત્રદાન આપતાં, તપસ્યા તપતાં અને પ્રાણીઓપર અનુકંપા કરતાં વ્યતીત થાય છે તેમનો જનમ સફળ છે. "

પુસ્તક ૩૧ મું. ભાદ્રપદ. સંવત ૧૯૭૧. શાકે ૧૮૩૭. અંક ૬ ઠ્ઠો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ અંત અવસરની આરાધના. ... ... ... ... ... ૧૬૧
૨ જ્ઞાનસાર સૂત્ર વિવરણમ્. (તપોઽષ્ટકમ્ ૩૧ મું.) ... ... ... ૧૬૪
૩ પર્યુષણાદિ પર્વ પ્રસંગે જીવદયાને અંગે થતી વિચારણા અને તેનું પરિણામ... ૧૭૦
૪ સ્વગુણ પ્રચ્છાદન. (દશમ સૌજન્ય.) ... ... ... ... ૧૭૨
૫ ન્યાય વૃત્તિ. ... ... ... ... ... ... ... ૧૮૧
૬ મહાવીર અંક ઉત્તરાર્ધની સમાલોચના. ... ... ... ... ૧૮૬

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

## લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભાના લાઇફ મેમ્બરોને ભેટ તરીકે આપવા માટે નીચે જણાવેલા ગ્રંથો ને બુકો મુકરર કરવામાં આવેલ છે.

૧ પઉમ ચરિયમ્. માગધી ગાથાબંધ. રામચંદ્રાદિકનું ચરિત્ર.
આ ગ્રંથમાં કોઇ ગૃહસ્થની મદદ મળી નથી. ફારમ ૫૬. કીં. રૂ. ૨॥

૨ જ્ઞાનપંચમી (જ્ઞાનપંચમીને લગતી તમામ બાબતોનો સંગ્રહ). કીં. રૂ. ૦॥

૩ ચૈત્યવંદન ચોવીશી ગુજરાતી. આવૃત્તિ પાંચમી.
કઠણ શબ્દોના અર્થ સાથે પાકી બંધાવેલી. કીં. રૂ. ૦)=

૪ ઉપધાનવિધિ. ( શા. આણંદજી પુરૂષોત્તમ તરફથી ભેટ ).

૫ આનંદઘન પદ્ય રત્નાવળી ( ૫૦ પદો વિવેચન યુક્ત ).
ઘણુંજ વિસ્તારથી—ઉપયોગી હકીકતોનો સંગ્રહ. પૃષ્ઠ ૮૧૨. કીં. રૂ. ૨)

૬ જૈન દ્રષ્ટિએ યોગ ( યોગ સંબંધી સરલ સમજણ ) પૃષ્ઠ ૨૧૦. કીં. રૂ. ૦॥

૭ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. સ્થંભ ૬ મૂળ. સંસ્કૃત. કીં. રૂ. ૧॥

૮ શ્રી ઉપદેશમાળા મૂળ ને યોગશાસ્ત્ર મૂળ. માગધી ને સંસ્કૃત. કીં. રૂ. ૦॥

૯ શ્રી જંબુદ્વીપ સંગ્રહણી પ્રકરણ. ટીકા સહીત. સંસ્કૃત. કીં. રૂ. ૦।

ઉપર જણાવેલ ૯ ગ્રંથો પૈકી પ્રથમ ગ્રંથ રૂ. ૧) બાદ કરીને રૂ. ૧॥ થી અને બુક ૨–૬ એક બુકનાજ બે વિભાગ હોવાથી એકંદર કિંમતમાંથી રૂ. ૧) બાદ કરીને રૂ. ૧॥ થી આપવામાં આવશે. પરંતુ જે લાઇફ મેમ્બર મોકલવાનું લખશે તેનેજ તે મોકલવામાં આવશે. બાકીના ૬ પુસ્તકો મફત મળી શકશે. બાદ પોસ્ટેજ પુરતા વેલ્યુ૦ થી તરતમાંજ મોકલવામાં આવશે. તંત્રી

## દશાશ્રીમાળી વણિક. ( ત્રિમાસિક ).

દરેક દશાશ્રીમાળી વણિકને જાણવા જેવી બાબતોથી ભરપૂર. રોયલ છ થી આઠ ફારમ (૪૦ થી ૬૪ પાના)નું સચિત્ર 'દશા શ્રીમાળી વણિક' નામનું ત્રિમાસિક અમારા તરફથી બહાર પાડવા વિચાર છે. પોતાની જ્ઞાતિનું શ્રેય ઇચ્છનાર દરેક દશાશ્રીમાળીને ગ્રાહક થવા વિનંતિ છે, તેને માટે નીચે લખેલ શિરનામે પત્ર લખશો.

મોહનલાલ નાગજી. ભીલાડી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तदिदं सन्मुनिवचनमाकर्ण्य ते हितज्ञतुल्या जन्तवो भद्रका भव्या जीवा निश्चिन्वन्ति तेषां भगवतां सन्मुनीनां वत्सलतां, लक्षयन्ति परिज्ञानातिरेकं । ततो निवर्तयन्ति तदुपदेशेनावाप्तशुभवासनाविशेषाः सन्तो धनविषयमूर्छाप्रतिबन्धं, पृच्छन्ति च विशेषतो मुनिजनं ते धर्ममार्गं, दर्शयन्ति शिष्यभावं, रञ्जयन्ति गुरूनपि विनयादिगुणैः । ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं, ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन । उपमितिभवप्रपंचा कथा.

" આ પ્રમાણે સન્મુનિના વચનને સાંભળીને હિતને જાણનારની જેવા તે ભદ્રિક અને ભવ્ય એવા મિથ્યાદૃષ્ટિ જીવો તે પૂજ્ય સન્મુનીશ્વરની વત્સલતાનો નિશ્ચય કરે છે, અને જ્ઞાનના અધિકપણાને જુએ છે; પછી તે ગુરૂના ઉપદેશથી વિશેષ પ્રકારની શુભ વાસના પ્રાપ્ત થવાથી ધનના વિષયવાળી લોભની આસક્તિનો ત્યાગ કરે છે, અને મુનિજનોને તેઓ વિશેષે કરીને ધર્મનો માર્ગ પૂછે છે, પોતાનો શિષ્યભાવ દેખાડે છે તથા ગુરૂજનોને ( માતપિતાદિકને ) પણ વિનયાદિક ગુણોએ કરીને રંજન કરે છે. ત્યારપછી પ્રસન્ન હૃદયવાળા ગુરૂમહારાજ તેઓને ગૃહસ્થાવાસને ઉચિત અને સાધુપણાને યોગ્ય એવો ( બંને પ્રકારનો ) ધર્મમાર્ગ બતાવે છે અને તે ધર્મને ઉપાર્જન કરવાનો ઉપાય ઘણા પ્રયત્નથી ગ્રહણ કરાવે અંગીકાર કરાવે છે. "

પુસ્તક ૩૨ મું. ભાદ્રપદ. સં. ૧૯૭૨. શાકે ૧૮૩૮. અંક ૬ ઠ્ઠો.

## अंत अवसरनी आराधना.

ચોપાઈ.

આ સંસાર અસારે સાર, ધર્મ પરમ આધાર અપાર;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમજ આઠ દર્શનાચાર, નીઃશંકિત વિગેરે અતિચાર;
જાણુ અજાણે લાગ્યું પાપ, ત્રિકરણ યોગે માગું માફ. ૫
લોભ મોહથી હિંસા કરી, સૂક્ષ્મ બાદર જીવ સંહરી;
હાસ્ય ક્રોધ ભય લોભે કર્યું, મિથ્યા ભાષણ મુખ ઉચ્ચર્યું ૬
રાગ દ્વેષથી પરધન હર્યું, તે સૌ હું વોસરાવું ખરૂં;
તિર્યંચ મનુષ્ય ને દેવ સંબંધ, સેવ્યાં મૈથુન વિવિધ પ્રબંધ. ૭
તે સૌ મનવચ કાયે કરી, હું વોસિરાવું છું ફરી ફરી;
ધન ધાન્ય પશુના ભંડાર, લોભ વશે નહિ રાખ્યો પાર. ૮
પુત્ર કલત્ર મિત્ર ધન ધાન્ય, બંધુ ગ્રહાદિક આરત ધ્યાન;
જે મમતા મેં રાખી અંતી, સૌ વોસરાવું છું મનવતી. ૯
રાત્રે ચોવિધ કીધો આહાર, માફી માગું વારંવાર;
ક્રોધ માન માયા ને લોભ, રાગ દ્વેષનો રહ્યો ન થોભ. ૧૦
ઈત્યાદિક ચારિત્રાચાર, તેમાં કીધો દુષ્ટાચાર;
જે પાતક કરી રાખ્યું જમા, ત્રિકરણ યોગે માગું ક્ષમા. ૧૧
બાહ્યાભ્યંતર તપ આચાર, કપટાદિક કીધો વ્યવહાર;
મનવચકાયતણા અતિચાર, મિથ્યા દુષ્કૃત યાચું સાર. ૧૨
ધર્મતણા અનુષ્ઠાને જેહ, વિર્ય ગોપવ્યું રાખી દેહ;
વિર્યાચારતણા અતિચાર, હું વોસરાવું વારંવાર. ૧૩
મેં કદી કોઇને માર્યો હોય, વચન અશિથી છેદ્યો કોય;
પરનાં હરી લીધાં ધન માલ, માગું મિથ્યાદુષ્કૃત હાલ. ૧૪
ઉપકારી પ્રત્યે અપકાર, કરીને રાચ્યો અપરંપાર;
સ્વજન અન્ય કે શત્રુ મિત્ર, ક્ષમા કરો સૌ પરમ પવિત્ર. ૧૫
સૌમાં રાખું બુદ્ધિ સમાન, બે દિવસનો છું મેમાન;
ક્ષમા કરો સૌ મારો વાંક, હું પામર કીડા સમ રાંક. ૧૬
તિર્યંચપણામાં તિર્યંચ સાથ, નરક વિષે નારકીની સાથ;
દેવપણામાં દેવ સંગાથ, મનુષ્યપણે માનવીની સાથ. ૧૭
કર્યો હોય જે વેર વિરોધ, ક્ષમા કરો ખામું છું ક્રોધ;
જીવિત યૌવન લક્ષ્મી રૂપ, પ્રિયસમાગમ મોહ સ્વરૂપ. ૧૮
જળતરંગ ને કુંજર કાન, ચંચળ વિદ્યુત્ વેગ સમાન;
જન્મ જરા વ્યાધિ ને મર્ણ, પિડીત પ્રાણીને ધર્મજ શર્ણ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે જિનભાષીત શ્રી જિનધર્મ, ઘોર કર્મના છેદે મર્મ;
સ્વજન જેહ તે પરજન થયા, પરજન તેહ સ્વજન સંભવ્યા. ૨૦
જન્મે છે પ્રાણી એકલો, જાય મરી પરભવ એકલો;
સુખદુઃખને પોતે અનુભવે, પુત્ર કલત્ર ન ભાગી લવે ૨૧
આત્માથી છે અન્ય શરીર, ધન ધાન્યાદિક અન્ય જરૂર;
બંધુવર્ગ પણ અન્ય વિકાર, કોઈ ન તુજ મિથ્યા સંસાર. ૨૨
છતાં મોહ શો રાખે મૂઢ, જ્ઞાની ભેદ લહે આ ગૂઢ;
માંસ હાડ રૂધીરાદિક જેહ, સપ્ત ધાતુમય અશુચિ દેહ. ૨૩
બુદ્ધિમાન્ નવ રાખે મોહ, પર્ણકુટીમાં જીવ આરોહ;
ભાડાનું ઘર છોડી જવું, ગયા ઘણા પહેલાં નથી નવું. ૨૪
લાલનપાલન કરીએ અતી, પણ અંતે રહેવાનું નથી;
કાયરને ધીર નિશ્ચે મરે, રાય રંક કોઇ નવ ઉગરે. ૨૫
પણ ફરીથી મરવું નવ પડે, વિબુધ જનો એ રીતે મરે;
હજો શરણ મંમ અરિહંત સિદ્ધ, સાધુ અને જિનધર્મ પ્રસિદ્ધ. ૨૬
દયા માત ને તાત સ્વધર્મ, સહોદર સાધુ સ્વધર્મી પર્મ;
શાન્તિ પ્રિયા ને પુત્ર સંતોષ, એ મમ સત્ય કુટુંબ અદોષ. ૨૭
ઋષભાદિક જે જિન ચોવીશ, બીજા ભરત ઐરવત શેષ;
મહાવિદેહ ક્ષેત્રે અરિહંત, નમસ્કાર કરૂં છું આદ્યંત. ૨૮
સિદ્ધ પ્રભુને કરૂં પ્રણામ, કર્મ ચૂરી પામ્યા આરામ;
ગચ્છ ધુરંધર ગુણ છત્રીશ, પ્રણમું આચારજ નિશદિશ. ૨૯
ઉપાધ્યાયને કરૂં પ્રણામ, શિષ્ય ભણાવી સારે કામ;
દયા દમન સાધુને નમી, કર્મ નિકાચીત ટાળું ખમી. ૩૦
મન વચ કાય સાવદ્ય યોગ, તજતાં હરીએ ભવ ભય શોગ;
ઉપશમ સંવરને આદરૂં, આશ્રવને મનથી પરહરૂં. ૩૧
માત પિતાને સ્ત્રી પરિવાર, કોઈ ન આવે ચેતન લ્હાર;
એકાકી તું આવ્યો અરે, જવું એકલું તારે ખરે. ૩૨
તો તારે તેથી શો મોહ, ન કરીશ આત્મા તું નિજ દ્રોહ;
તાત તે તનય ભવાંતર થાય, પુત્ર પિતા તેનો સોહાય. ૩૩
માતા કોઈ ભવમાં સ્ત્રી થાય, તે સ્ત્રી પાછી માત કહાય;
ઉલટ પલટ સંસાર સ્વરૂપ, ચાર ગતિ માનું અંધકૂપ. ૩૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોરાશી લખ યોની માંહ્ય, વૈર વિરોધ કર્યા અન્યાય;
ક્ષમા માગું છું મન વચ કાય, ખમજો સૌ જીવ કરી પસાય. ૩૫

આ ભવ પરભવ કીધો રાગ, પરથી કીધો દ્વેષ અથાગ;
તે સર્વ હું મન વચ કાય, મિચ્છાદુક્કૃત માગું ભાય. ૩૬

જે સુકૃત આ ભવમાં કર્યું, પરભવથી આ ભવ ઉદ્ધર્યું;
કૃત્ય કૃત્ય માનું તે સાર, પુણ્ય પાપ આવે હોય ઉદ્ધાર. ૩૭

છ પ્રકારની આરાધના, દુષ્કર્મોની જે ગરહણા;
પ્રાણીથકી ખમત ખામણા, શરણ ચાર બારે ભાવના. ૩૮

નમસ્કાર ને અનશન જાણ, શકિત પ્રમાણે કરૂં પ્રણામ;
વિનયથકી નામી કર ભાળ, ખમી ખમાવું ભવ જંજાળ. ૩૯

અંત સમે આ આરાધના, સંક્ષેપે આરાધે જના;
નિશ્ચે ભાવી ભવ સુધરે, **સાંકળચંદ** ભવ જળ નિસ્તરે. ૪૦

# ज्ञानसार सूत्र विवरणम्.

## तपोऽष्टकम् ॥ ३१ ॥

ધ્યાનને શાસ્ત્રકારે અભ્યંતર તપરૂપ કહેલ છે; અને અનશન ( આહાર ત્યાગ ) ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતારૂપ બાહ્ય તપ, સાધ્ય દ્રષ્ટિથી કરતાં ધ્યાનાદિક અભ્યંતર તપને પુષ્ટિકારક થાય છે. શાસ્ત્ર રહસ્યના અજાણ કેટલાક મુગ્ધ જનો અથવા સુખશીલ જનો બાહ્ય તપનો આદર કર્યા વગરજ ધ્યાનાદિકના લાભને ગવેષતા ફરે છે, તે એમની ગંભીર ભુલ છે, એમ બતાવતા ગ્રંથકાર ઉક્ત તપનું નિરૂપણ કરે છે:—

ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात्तपः ॥
तदाभ्यंतरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥ १ ॥

ભાવાર્થ—કર્મને શિથિલ કરી નાંખનાર હોવાથી જ્ઞાનજ તપ છે, એમ તત્ત્વજ્ઞાનીઓ કહે છે. તે તપ બે પ્રકારનો છે, એક બાહ્ય અને બીજો અભ્યંતર. તેમાં કર્મમાત્રનો ક્ષય કરવા સમર્થ એવો અભ્યંતર તપજ શ્રેષ્ઠ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ અભ્યંતર તપના છ ભેદ છે. ઉક્ત અભ્યંતર તપની પુષ્ટિ માટેજ બાહ્ય તપ કરવાનો કહ્યો છે. અનશન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ઉપવાસ વિગેરે ) ઔનોદર્ય ( ઉણોદરી–અલ્પ આહાર કરવો તે ), વૃત્તિસંક્ષેપ ( ભોગોપભોગના સંબંધમાં મર્યાદા બાંધી અમુક નિયમ પાળવા તે ), [1]રસત્યાગ, [2]કાયક્લેશ, અને સંલીનતા (આસનજય કરવા માટે નિયમ વિશેષ.) એ બાહ્ય તપના છ પ્રકાર છે. વિવેકી આત્મા બાહ્ય તપના સાધનવડે અભ્યંતર તપની અધિક અધિક પુષ્ટિ–પોષણા કરતોજ રહે છે. ૧.

**आनुस्रोतसिकी वृत्ति–र्बालानां सुखशीलता ॥**
**प्रातिस्रोतसिकी वृत्ति–र्ज्ञानिनां परमं तपः ॥ २ ॥**

**ભાવાર્થ**—ઇંદ્રિયો અને મન દોરી જાય તેમ દોરાવારૂપ બાળજીવોની અનુસ્રોત વૃત્તિ તો સર્વને સામાન્ય અને સુખસાધ્ય છે; પણ તે ઇન્દ્રિયાદિકનો જય કરી સામાપૂરે ચાલવારૂપ જ્ઞાની પુરૂષોની પ્રતિસ્રોત વૃત્તિ છે તેજ પરમ તપરૂપ છે. પ્રથમની (અનુસ્રોત) વૃત્તિ શીખવી પડતી નથી, ત્યારે બીજી તો ખાસ શીખવી પડે છે.

**धनार्थिनां यथा नास्ति, शीततापादि दुस्सहं ॥**
**तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥ ३ ॥**

**ભાવાર્થ**—જેમ ધનના અર્થીને શીત તાપ વિગેરે સહેવા કઠીન પડતા નથી, તેમ તત્ત્વજ્ઞાનના અર્થી એવા ભવવાસથી વિમુખ ( વિરક્ત ) જીવોને પણ તે સહેવા કઠણ પડતા નથી પણ સુલભ થઇ પડે છે. ૩.

**सदुपायप्रवृत्ताना–मुपेयमधुरत्वतः ॥**
**ज्ञानिनां नित्यमानंद–वृद्धिरेव तपस्विनां ॥ ४ ॥**

**ભાવાર્થ**—કલ્યાણ સાધવાના શ્રેષ્ઠ ઉપાયમાં લાગેલા તત્ત્વજ્ઞાની તપસ્વીને તે આદરેલા ઉપાયમાં મિઠાશ ઉપજવાથી નિરંતર આનંદની વૃદ્ધિજ થતી જાય છે. નિત્ય ચઢતે પરિણામે સદુપાયદ્વારા તે આત્મકલ્યાણનેજ સાધે છે. વિવેકી સાધકને તપ સુખરૂપજ થાય છે. ૪.

**इत्थं च दुःखरूपत्वात्, तपो व्यर्थमितीच्छतां ॥**
**बौद्धानां निहता बुद्धि–र्बौद्धानंदापरीक्षयात् ॥ ५ ॥**

**ભાવાર્થ**—વસ્તુ સ્થિતિ આમ છતાં " દુ:ખરૂપ ( કષ્ટકારી ) હોવાથી તપ કરવો વ્યર્થ–નિરૂપયોગી છે " એમ ઇચ્છનાર બૌધ લોકોની મતિ મારી ગઈ છે. કેમકે પૂર્વોક્ત તપ સાધનથી તો દુ:ખને બદલે સહજ આનંદ–સુખનીજ વૃદ્ધિ થાય છે. સુજ્ઞ જનોએ એવા કાયર અને સ્વચ્છંદી સુખ–શીલજનોનાં વિપરીત વચન

૧. ષટ્–રસ ( છ પ્રકારની વિગય ). ૨. કેશલોચાદિક અનેક જાતનું દેહદમન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળી મહા મંગલમય તપમાં મંદ આદરવાળા ન થવું, પણ યથાશક્તિ ઉભય પ્રકારના તપમાં અવશ્ય ઉદ્યમ કરવો. ૫.

यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ॥
सानुबंधा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ॥ ६ ॥

ભાવાર્થ—જે તપનું સેવન કરતાં બ્રહ્મચર્યની ગુપ્તિ ( શીલ સંરક્ષણ ), વીતરાગની ભક્તિ, તથા કષાયની શાન્તિ સુખે સધાય છે, તેમજ જિનેશ્વર પ્રભુની પવિત્ર આજ્ઞાનું અનુપાલન થયાં કરે છે–તેનું લેશ પણ ઉલ્લંઘન થતું નથી, તેવો તપજ શુદ્ધ–દોષ રહિત હોવાથી અવશ્ય સેવવા યોગ્ય છે; મતલબ કે તપસ્યા કરવાવાળાએ ઉત્તમ ફળ મેળવવા માટે ઉપરની બાબત જરૂર લક્ષમાં રાખવા યોગ્ય છે; કેમકે તે પ્રમાણે વર્તતાંજ તપસ્યા લેખે થાય છે. એટલે કે એ રીતે તપ કરતાં આત્મા નિર્મળ થતો જાય છે, અને અંતે સર્વ કર્મમળનો ક્ષય થતાંજ આત્મા અક્ષય સુખનો ભાગી થાય છે. ૬.

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ॥
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेंद्रियाणि वा ॥ ७ ॥

ભાવાર્થ—જે તપ કરતાં લગારે દુર્ધ્યાન થાય નહિ, સ્વાધ્યાય ધ્યાનાદિ સંયમ-યોગમાં ખામી આવે નહિ, તથા ધર્મકાર્યમાં સહાયભૂત થનારી ઇંદ્રિયો સમૂલગી ક્ષીણ થઇ જાય નહિ, એમ ખાસ ઉપયોગ રાખીને સ્વશક્તિ ગોપવ્યા વિના સમતાભાવ સહિત શ્રી તીર્થંકર દેવે પણ કર્મ ખપાવવા માટે આદરેલ તપનો દરેક મોક્ષાર્થીએ અવશ્ય આદર કરવો. ૭.

मूलोत्तरगुणश्रेणि–प्राज्यसाम्राज्यसिद्धये ॥
बाह्यमाभ्यंतरं चेत्थं, तपः कुर्याद् महामुनिः ॥ ८ ॥

ભાવાર્થ—અહિંસાદિક પાંચ મહાવ્રત અને આહારશુદ્ધિ વિગેરે–મૂળ તથા ઉત્તર સંયમ ગુણોની શ્રેણિરૂપ શ્રેષ્ઠ સામ્રાજ્યની સિદ્ધિ કરવા માટે મહામુનિ પણ ઉભય પ્રકારના તપનું યથાવિધ સેવન કરવામાં પ્રમાદ કરતા નથી. કેમકે સંયમવડે જો કે નવાં કર્મ રોકાય છે, પણ પૂર્વ સંચિત કર્મનો ક્ષય તો તપવડેજ થાય છે અને ત્યારેજ અક્ષય પદની પ્રાપ્તિ થઇ શકે છે. સંયમની ખરી સફલતા પણ તપથીજ સિદ્ધ થાય છે. ૮. સુ. ક. વિ.

વિવેચન—આ અષ્ટકના આરંભમાંજ કર્ત્તા કહે છે કે–જ્ઞાનવડે પૂર્વ કર્મો તપતા હોવાથી–તેનો ક્ષય ( નિર્જરારૂપ ) થતો હોવાથી તેને–જ્ઞાનનેજ તપ કહે છે. આ અભ્યંતર તપ છે અને તેનો અભ્યંતર તપના છ ભેદ પૈકી સઝાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપમાં સમાવેશ થાય છે. ઇષ્ટ અને કાર્યસિદ્ધિ કરી આપનાર તો અભ્યંતર તપ છે, પરંતુ તેની ઉપબૃંહણા કરનાર-તેને પોષણ આપનાર બાહ્ય તપ છે. જેમ રસવતી નિષ્પાદક તો અગ્નિ છે પણ તેને પોષણ આપનાર કાષ્ટ ઇંધનાદિ છે તેમ આમાં પણ સમજવું. આટલા ઉપરથી જ્ઞાનીઓએ કાર્ય કારણ ભાવ તરીકે બંને પ્રકારના તપની પૂર્ણ આવશ્યકતા દર્શાવી છે. કારણ સિવાય કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી.

ત્યાર પછી કર્ત્તા કહે છે કે-ઇંદ્રીઓ માગે તે આપવું-તે દોરે તેમ દોરાવું આવી પ્રવાહ પ્રમાણે ચાલવાની વૃત્તિ તો આબાળવૃદ્ધ સર્વને અનુકૂળ છે. તે કાંઇ શીખવવી પડે તેમ નથી. અનાદિ કાળનો આ જીવને તેનો અભ્યાસ છે. આબાળવૃદ્ધ સૌને પુદ્ગળના સંગથી ક્ષુધા લાગે છે અને તેના નિવારણ માટે યથેચ્છ ખાવું પીવું તે તો સૌને ગમે છે, અને એવી રીતે જો પ્રાણી કર્મથી મુકાતો હોય તો પછી આ સંસારમાં કોઇ રહેજ નહીં-સર્વની મુક્તિ થઈ જાય, પરંતુ એ પ્રવાહ તો સંસારમાં પરિભ્રમણ કરવાનો છે. મોક્ષની ઇચ્છાવાળાને તો તેથી વિરૂદ્ધ વૃત્તિનો અભ્યાસ કરવો પડે તેમ છે. તેમાં તો સામે પૂરે ચાલવાનું છે. ક્ષુધા લાગે ત્યારે તપ કરીને બનતા સુધી ન ખાવું, ખાવું ત્યારે પણ અલ્પ ખાવું અને તેપણ ઇંદ્રીઓને મદોન્મત્ત બનાવે તેવું ન ખાવું, પણ તે યંત્રો બરાબર ચાલ્યા કરે તેટલુંજ ખાવું. આ પ્રમાણે પાંચે ઇંદ્રીઓ ને મન માટે સમજવું. જ્ઞાનીઓ એનેજ શ્રેષ્ઠ તપ કહે છે. અને એવી રીતે સામે પૂરે તરતાંજ ભવસમુદ્રનો કિનારો પામી શકાય છે. બાકી પ્રવાહમાં વહન કરવાથી તો મહાન્ સમુદ્રમાં દાખલ થઈ જવાય છે અને તેમાં દાખલ થયાં એટલે તો અનંત કાળ પર્યંત ભટકયાજ કરવું પડે છે.

તપસ્યાને અંગે ક્ષુધા, તૃષા, શીત, તાપ ઇત્યાદિ અનેક પ્રકારનું કષ્ટ સહન કરવું પડે છે, પરંતુ જેમ અજ્ઞાનીઓ-સંસાર સુખના અભિલાષીઓ-તેમાંજ રચ્યા પચ્યા રહેનારાઓ માને છે તેમ જ્ઞાનીઓને તે દુઃસહ લાગતું નથી-તેને તો તેમાં આનંદ આવે છે; કારણ કે ખાવાપીવાને તેઓ ઉપાધિ માને છે અને તપસ્યા કરવાથી તેમનો આત્મા નિર્મળ થતો હોવાથી તેમની આત્મજાગૃતિ વધતી જાય છે. આ પ્રસંગ ઉપર કર્ત્તા દૃષ્ટાંત આપે છે કે જુઓ ! આ સંસારમાં ધનના અર્થી મનુષ્યો અનેક પ્રકારનાં કષ્ટો સહન કરે છે કે જે કષ્ટોનો કહેતાં પાર આવે તેમ નથી, તેવાં કષ્ટો ધનાર્થી મનુષ્યોને તેમાં ધનપ્રાપ્તિ થતી હોવાથી દુઃસહ લાગતા નથી, પણ ઉલટો તેમાં આનંદ આવે છે; તેમ તપસ્યાદિ કષ્ટથી પણ આત્મિક લાભ થતો હોવાથી તત્ત્વજ્ઞાનના અર્થીઓને તેમાં આનંદ આવે છે. સદુપાયમાં પ્રવૃત્ત અને જ્ઞાની એવા તપસ્વીઓને તેમાં (તપમાં) ઉપેય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્તિરૂપ મધુરતા હોવાથી તપ કરતાં નિરંતર આનંદની વૃદ્ધિજ થયા કરે છે. અહીં ઉપેય તે કર્મોની નિર્જરારૂપ સમજવું. કર્મની નિર્જરા માટે બળવાનમાં બળવાન્ સાધન જ્ઞાનપૂર્વક બાહ્યાભ્યંતર તપજ છે, તપ સિવાય બીજું એકે સાધન તેવું બળવાન્ નથી.

'તપ દુઃખરૂપ હોવાથી તે વ્યર્થ છે' એમ બુદ્ધ-બૌધ ધર્મીઓ કહે છે, પરંતુ તેમ કહેવાથી તેની બુદ્ધિ નષ્ટ થઈ ગયેલી છે એમ પ્રત્યક્ષ જણાય છે. કારણકે તપ દુઃખરૂપજ નથી, તેમાં આનંદનો પરિક્ષય નથી. આનંદની વૃદ્ધિ છે. તેનો ખરો અનુભવ જ્ઞાનીઓજ કરી શકે છે-તેજ કરે છે. પુદ્ગળાનંદી જીવોને તેની ખબરજ પડતી નથી. તેનો ગંધ પણ આવતો નથી. કારણકે શુક રાદિની જેમ સંસારરૂપ પંક (કાદવ)માં રચ્યા પચ્યા રહેનાર અને આ સત ધાતુમય શરીર કે જેના અનેક દ્વારોમાંથી દુર્ગંધી પદાર્થો સતત્ ઝર્યા કરે છે જેથી તેની અંદર દુર્ગંધી પદાર્થો ભરેલા છે એમ સૂચવવા સાથે જે મિષ્ટ કે સુગંધી પદાર્થોનો ઉપભોગ લેવામાં આવે છે તે પણ તેવા દુર્ગંધીજ થઇ જાય છે એવી ખાત્રી આપે છે, તેવા શરીરને રાત દિવસ પંપાળનાર-તેને સુખ આપવા ઇચ્છનાર સુખશીળીયા મનુષ્યો તેમાં રહેલા વિકારોને તેમજ તેના વિનાશીપણાને ભુલી જાય છે અને ભવ પર્યંત તેની સેવા ભક્તિ કરીને પૂર્વ પુણ્યનો વ્યય કરી-અનેક પ્રકારનાં અશુભ કર્મોનો નવો બંધ કરી દુર્ગતિમાં ચાલ્યા જાય છે. એવા ભવાભિનંદી મનુષ્યોને જ્ઞાનના કે તપના આનંદની ખબર જ પડતી નથી. તેઓ આત્માને અને આત્મિક આનંદને ભુલી જાય છે. તેઓ શરીરનેજ આત્મા માને છે અને શરીરના સુખને-તેના આનંદનેજ આત્મિક આનંદ માને છે. કર્તા એવા મનુષ્યોની બુદ્ધિ મારી ગઇ છે એમ કહે છે તે અક્ષરશઃ સત્ય છે.

જે તપમાં બ્રહ્મચર્ય, જિનાર્ચા, કષાયનો જય અને સાનુબંધ જિનાજ્ઞા છે તે તપજ શુદ્ધ છે. આવો તપજ કરવા યોગ્ય છે. આ બધા તપથી થનારા ફળ છે, તેમજ તેના સહાયક પણ છે. બ્રહ્મચર્યના પ્રતિપાલનમાં, કષાયના જયમાં તપની જ આવશ્યકતા છે. કદિ કોઈ પ્રાણીને તપ કરતા સતા ક્રોધાદિકની વિશેષતા દેખાય તો તે તપનું ફળ નથી પણ તેના પૂર્વ બદ્ધ મોહનીય કર્મનો ઉદયજન્ય વિકાર છે એમ સમજવું. તે સ્થાનકે તપને ક્રોધ ઉત્પન્ન કરનાર માની મોહ પામશો નહીં, કેમકે તપને અને ક્રોધને કાર્ય કારણ ભાવ સંબંધજ નથી. બુદ્ધિ પૂર્વક વિચારતાં તરતજ તે વાત સમજી શકાય તેમ છે.

આગળ કર્ત્તા બહુ જરૂરની વાત સમજાવે છે. તે કહે છે કે-' તેજ તપ કરવો કે જેમાં દુર્ધ્યાન ન થાય અને મન વચન કાયાના યોગ હાની ન પામે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઇંદ્રિયો ક્ષીણ ન થાય.' આ શ્લોકમાં બહુ ઉંચી હકીકત સમાવી છે, પરંતુ તેનો અલ્પમતિ જીવો અવળો અર્થ કરી બેસે તેવો ભય છે, તેથી તેનો વિશેષ સ્ફુટાર્થ કરવાની જરૂર છે. મન વચન કાયાના યોગો હાની ન પામે અને ઇંદ્રીઓ ક્ષીણ ન થાય તેવી રીતે તપ કરવો તે ખરી વાત છે, પરંતુ તેની તુલના કરવામાં આત્મવીર્ય ગોપવવું ન જોઇએ. કેટલાએક સુખશીળીયા મનુષ્યો તપ કરવાની પોતામાં શક્તિ નથી એવું બ્હાનું બતાવી તપસ્યા કરવામાં પછાત રહ્યા કરે છે પરંતુ શક્તિની ખરી ખબર ટેવ પાડવાથીજ પડે છે. જુઓ સંસારીપણામાં અલ્પ સમય પણ શરીરને કષ્ટ નહીં આપનારા અને નિરંતર પાંચ ઇંદ્રિયોના સુખમાં નિમગ્ન રહેનારા તેમજ શ્રેણિક રાજાના ખોળામાં બેસતાં પણ વ્યાકુળ થનારા **શાળિભદ્રે** જ્યારે ચારિત્ર ગ્રહણ કર્યું ત્યારે ઉગ્ર તપના કરનારા થયા અને વૈભારગિરિ ઉપર તપેલી શય્યાપર અનશન કર્યું. આ મનના બળવત્તરપણાને લીધે તેમજ થોડા વખતમાં પણ પડેલી ઇંદ્રીઓને દમવાની ટેવને લીધેજ બની શક્યું છે. તેમજ પાંડુપુત્ર મધ્યમ પાંડવ ભીમસેન સંસારીપણામાં પુષ્કળ ભોજનના કરનારા હતા અને તપસ્યા ક્વચિત્જ કરનારા હતા, છતાં જ્યારે ચારિત્ર ગ્રહણ કર્યું ત્યારે એવો ઉગ્ર તપ કર્યો અને પારણે એટલું બધું અલ્પ ભોજન કર્યું કે જે હકીકત વાંચતાં આશ્ચર્ય થાય છે. એ પણ મનના બળવત્તરપણાથી અને તપસ્યાની ટેવથીજ થયું છે. અત્યારે પણ પ્રથમાવસ્થામાં જેઓ તદ્દન તપસ્યા ન કરી શકે તેવા હોય છે તેઓજ બીજી અવસ્થામાં છઠ્ઠઅઠ્ઠમાદિ યાવત્ માસખમણ પર્યંતનો તપ કરનારા થયા છે. આપણી દૃષ્ટિએ તેવાં મનુષ્યો ગૃહસ્થ અને મુનિ તરીકે જોયેલા છે. એટલા ઉપરથી વિચારવાનું એ છે કે—મનની નબળાઇએ શરીર નબળું થાય છે, શરીરશક્તિનો ઘણો આધાર મન ઉપર છે, તેથી મનોબળ વાપરીને તપસ્યામાં પ્રવૃત્તિ કરવી, ક્રમેક્રમે તેમાં વધતા જવું, જેથી, તમે ધારશો તેટલો વિશિષ્ટ તપ કરી શકશો. માત્ર તમારા અંતઃકરણમાં તપનું કર્તવ્યપણું ભાસવું જોઇએ અને તેમાં ધીમે ધીમે પણ ચડતી ચડતી પ્રવૃત્તિ કરવી જોઇએ. એમ કરવાથી તમારા યોગ હાની નહીં પામે અને ઇંદ્રીઓ પણ ક્ષીણ નહીં થાય. આટલી સ્પષ્ટતા કરવાનું કારણ આધુનિક સમયના નવા જમાનાની હવાવડે ઉછરેલા બંધુઓના હૃદયમાં ક્રિયામાર્ગની અરૂચિ સ્વભાવસિદ્ધ થઈ ગયેલી હોવાથી તેઓ આ શ્લોકને પોતાના બચાવમાં ન વાપરે પણ ઉલટી તેમાં પ્રવૃત્તિ કરે તેજ છે. અને તેને માટેજ વિશેષ સ્પષ્ટતા કરવી પડી છે.

મહા મુનિઓ પોતાના મૂળ ગુણ—ઉત્તર ગુણરૂપ ઉત્કૃષ્ટ સામ્રાજ્યની સ્થિતિને માટે બાહ્ય અભ્યંતર તપ તપે છે, કેમકે મૂળ ગુણમાં બાહ્ય અભ્યંતર તપ ઉપકારક છે, અને ઉત્તમ ગુણ આહાર વિશુદ્ધ્યાદિકમાં પણ ઉપકારક છે.

For Private And Personal Use Only

જુઓ ! બાહ્ય તપ-ઉપવાસાદિ કરનારને માટે આરંભ ઓછો કરવો પડતો હોવાથી હિંસાના કારણ ઘટે છે, તન્નિમિત્ત અસત્ય બોલવું પડતું નથી, ગુરૂ અદત્તાદિ અદત્ત લેવાની જરૂર પડતી નથી, બ્રહ્મચર્ય સુખે સુખે પળે છે કારણ કે ઇંદ્રીઓ બળ કરતી નથી અને પરિગ્રહની મૂર્છાના કારણો પણ ઘટે છે. ઉત્તર ગુણ પિંડવિશુદ્ધિ વિગેરેમાં પણ તે સહાયકારક છે. દરેક ગુણને તપ લાભ કરી આપે છે. તેથી મુનિ મહારાજા દિનપ્રતિદિન તેમાં વિશેષ વિશેષ પ્રવૃત્તિ કરે છે અને તેથીજ તપસ્વી એવું મુનિનું પર્યાયી નામ કહેલું છે.

આ અષ્ટક ખાસ તપના સંબંધે કર્ત્તાએ તેનું યથાર્થ સ્વરૂપ પ્રદર્શીત કરવા માટેજ કહેલું છે અને તેની યથાયોગ્ય પુષ્ટિ કરી છે. એનું વર્ણન અન્ય ગ્રંથોમાં ઘણું વિસ્તારપૂર્વક હોવાથી અહીં વિશેષ વિસ્તાર ન કરતાં આટલેથીજ વિવેચન સમાપ્ત કરવામાં આવે છે. તંત્રી.

# " पर्युषणादि पर्व प्रसंगे जीवदया खातर करातो पैसानो पुष्कळ व्यय, तेना अंगे थती विचारणा अने तेनुं परिणाम.

(લેખક. સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.)

જૈનપ્રજામાં પર્યુષણાદિક પવિત્ર પર્વોમાં અને અન્ય માંગળિક પ્રસંગો આવતાં ' અમારીપડહ '—અમારી ઘોષણા કરાવવાનો પ્રચાર મહાન્ રાજા મહારાજાઓના વખતથી ચાલ્યો આવે છે. જો કે અત્યારે રાજા મહારાજાઓમાં એવા કોઈ ભાગ્યેજ દેખાય છે કે જેઓ સ્વધર્મ સમજી સર્વ જીવોને અભય આપવા સ્વરાજ્યમાં સર્વત્ર ઢોલ વગડાવી પર્યુષણાદિ પર્વ પ્રસંગે જાણ કરે. પણ પરાપૂર્વથી તેવા રાજા મહારાજાઓ પાસેથી મળેલાં ફરમાનની રૂએ સંખ્યાબંધ શહેરો અને ગામોમાં ઉક્ત અર્થને અનુસરતો હુકમ જાહેર કરવામાં આવે છે અને તે કાયદાને અનુસરી રાજભક્ત પ્રજા તેનું પાલન કરે છે. આ વાત પણ અત્યારે સંતોષ ઉપજાવે એવી છે. વિશેષમાં આવા માંગળિક પ્રસંગો મળતાં બીજાં પણ અનેક પરોપકારનાં કામ કરવામાં આવતાં હતાં, જેવાં કે બંદીવાનોનો છૂટકારો, દીન દુઃખીનો ઉદ્ધાર, જ્ઞાન-જ્ઞાનીની સેવાભક્તિ વિગેરે. તેમાંના કેટલાક કાર્યો કંઈક અંશે અત્યારે પણ પુત્રાદિક જન્મ કે લગ્નાદિ પ્રસંગે કરવામાં આવતાં જણાય છે. પ્રથમ જ્યારે જૈનો સાતાકાર હતા અને રાજ્યમાં પ્રધાન પ્રમુખ અધિકારને

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધારણ કરતા હતા ત્યારે આ બધું સહજ બનતું હતું અને અનેક જીવોને ઉપકારક થતું હતું. કાળના વહેવા સાથે જૈનપ્રજા ઘસાતી જતી દેખાય છે, અને 'ફુલ નહિ તો ફુલની પાંખડી' એ ન્યાયે ગમે તો નાણું ખર્ચીને પણ જીવદયા પળાતી જોવા અદ્યાપિ તે પોતાની ફરજ વિચારી તેવે માંગળિક પ્રસંગે તૈયાર રહેતી જણાય છે. પ્રથમ વગર પૈસે-હુકમથી પુષ્કળ કામ થતું ત્યારે અત્યારે પ્રથમ પુન્યયોગે મેળવેલાં ફરમાનોનો અમલ પણ ભાગ્યેજ યથાર્થ રીતે કરાવી શકાય છે. ખરી વાત છે કે 'જે બળથી ન થાય તે કળથી થઈ શકે છે' પણ તેવા કળ-બળવાળા સહૃદય જનોની ખામીથી અને અંદર અંદર વૈરવિરોધ અને કુસંપથી તેનો લાભ લઈ બીજા ફાવી જાય છે. ત્યારે હવે શું કરવું ? એ પ્રશ્નનો ઉત્તર અંતઃકરણમાંથી એવો નીકળે છે કે અવસરને ઓળખી જે પૈસો ખર્ચો તેનો એવા ઉત્તમ માર્ગે ઉપયોગ થવો જોઇએ કે એ રકમ ઉત્પાદક ( Productive Sum ) થઇ શકે. પર્યુષણાદિક પ્રસંગે જીવદયા માટે ટીપ કે ખરડા કરવામાં આવે છે તે જીવદયાને અત્યારે ઉદાર અર્થમાં સમજવી જોઇએ. સમર્થ જ્ઞાનીઓ કહેછે કે **"સ્વદયા વિના પરદયા, કરવી કવણ પ્રકારે"** પ્રથમ **સ્વદયા-નિજ આત્મદયાને** સમજો, સમજવા પ્રયત્ન કરો. આત્માનું લક્ષણ ( સ્વભાવ ) ઓળખો અને તેને પ્રાપ્ત કરવા ઉદ્યમ કરો. ઇન્દ્રિય અને મનને મોકળાં ન મૂકો. વિષય કષાયને જીતવાથી અને પર ઉપાધિ તજીને નિજ સ્વભાવમાં રમવાથી (ચારિત્રથી) આત્મસ્વરૂપ પ્રગટ થશે એજ સ્વદયા અને ભાવદયા છે. સહુને આત્મસમાન લેખી નિજ દ્રષ્ટાન્તથી તેમને પણ નિજ સ્વરૂપ પ્રગટ કરવા પ્રેરણા થાય તેજ ખરેખરી પરદયા છે. આ વાતને લક્ષમાં રાખીને બની શકે તેટલી દ્રવ્યદયા-પરપ્રાણની રક્ષા કરવી યુક્તજ છે, પણ જ્યારે 'ઘરના છોકરાં ઘંટી ચાટે' એવો વખત છે ત્યારે હજારો પૈસા એકઠા કરી કસાઇના ઘર ભરવા હવે પાલવે એમ નથી. વળી કસાઇને અપાતા પૈસાથી પરંપરાએ પાપને પુષ્ટિ મળતી રહે છે. એ હવે લોકોને વધારે સમજાવવું પડે એમ નથી. એ કરતાં એટલા બધાય પૈસાથી તત્ત્વજ્ઞાને, તત્ત્વશ્રદ્ધા અને શુદ્ધ આચરણને ઉત્તેજન આપવામાં આવે તો એ બધાય પૈસા લેખે થઈ શકે અને એથી ભવિષ્યમાં એવાં નરરત્નો પાકે, કે જેઓ ફરીને જૈન ધર્મનો વિજય વાવટો પૃથ્વી ઉપર ફરકાવે. મતલબ કે હવે વધારે અગત્યની બાબતમાં દ્રવ્ય ખર્ચી તેનો ખરો લાભ મેળવવાનો સમય છે, અને સુજ્ઞોએ તે બાબતનો વિચાર કરીને વર્તન કરવાની જરૂર છે.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વગુણ પ્રચ્છાદન.

## ( દશમસૌજન્ય. )

( અનુસંધાન પૃષ્ઠ ૧૫૩થી )

આત્માની ઉન્નતિ માટે અનેક ગુણો પ્રાપ્ત કરવાની જરૂર છે અથવા વધારે વાસ્તવિક ભાષામાં લખીએ તો પ્રગટ કરવાની જરૂર છે. જેમ જ્ઞાન આત્માનો ગુણ છે તેને બહારથી લેવા જવું પડતું નથી, પણ તેના પરનાં આવરણ દૂર કરવાની જરૂર છે, તેમ વિશુદ્ધ વર્તન કરવું એ પણ આત્માનો ચારિત્ર ગુણ છે અને તેનાપર કર્મનાં આવરણ આવેલાં હોય તે દૂર કરવાની જરૂર છે. સર્વ ગુણોનાં નામો આપવાનું કાર્ય બની શકે તેવું નથી, પણ વ્યવહારને અંગે અને આત્મદર્શન કરવા માટે બાહ્ય અને અભ્યંતર રીતે ચેતનને ઉન્નત કરે એવા સદ્ગુણોનો તેમાં સમાવેશ થાય છે. માર્ગાનુસારીના ગુણો, શ્રાદ્ધના ગુણો, સાધુઓના ગુણો, યતિધર્મો, સંયમના અંગો આદિ કોઈપણ વિચારવામાં આવે, નીતિને લગતું કોઈપણ પુસ્તક વાંચવામાં આવે તેમાં તત્ત્વદ્રષ્ટિએ ગુણો બતાવવામાં આવ્યા હોય તેનો અત્ર સમાવેશ થાય છે. એમાં પોતાની જાત ઉપર અંકુશ રાખી શુદ્ધ માર્ગે પ્રવૃત્તિ કરવાનો વિચારણા પૂર્વક નિર્ણય કરવો એ બહુ લાભકર્તા છે. વારંવાર આત્મનિરીક્ષણ કર્યા કરવું, પોતાનો આત્મા અમુક કાર્ય કે વર્તન કરવાથી ઉન્નત થાય છે કે ભ્રષ્ટ થાય છે તેનો વિચાર કરવો અને જેથી આત્માની ઉન્નતિ સવિશેષ થયા કરે તેવા શુદ્ધ ગુણો આચરવા એ ખાસ કર્તવ્ય છે. ધીમે ધીમે ટેવ પડવાથી આત્મા અંદરથી પોતાને કયા માર્ગે લાભ છે તેનો બરાબર જવાબ આપે તેવી સુંદર સ્થિતિમાં મૂકાઇ જાય છે.

નમ્રતા, દયાળુતા, ક્ષમા, સરળતા, પ્રમાણિકતા, સત્યતા, નિઃસ્પૃહતા વિગેરે અનેક સદ્ગુણો પર એટલો સારી રીતે વિજય મેળવવો જોઈએ કે તેઓ જીવન સાથે એકમેક થઇ જાય, ઓતપ્રોત થઇને જોડાઈ જાય અને જીવનનો એકભાગ બની જાય. એમાં બહુ વિશાળ બુદ્ધિના કરતાં ચિત્તની નિર્મળતાની જરૂર છે. બહુ કુશાગ્ર બુદ્ધિ હોય તોજ દરેક સદ્ગુણના અંતર્વિભાગોનું પૃથક્કરણ કરતાં આવડે છે, અને વર્તનની સ્થિરતા કેટલીકવાર તેનાથી પ્રાપ્ત થાય છે એ સત્ય છે, પરંતુ થોડા અભ્યાસવાળા હોય તે પણ વર્તનની બાબતમાં ઘણું સુંદર પરિણામ લાવી શકે તેમાં કોઇ જાતનો વાંધો નથી અને અશકય પણ તેમાં કાંઇ નથી. બુદ્ધિવૈભવ વિશેષ હોય કે ન હોય, દુનિયા જેને ધન ઐશ્વર્ય કે વિદ્યાને અંગે મોટા માણસો કહે છે તેવા કહેવરાવવાની અનુકૂળતા પૂરી પાડે તેવા સંયોગો હોય કે ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો સદ્‌ગુણો સાથે કોઈ પ્રકારનો સંબંધ નથી. સાદામાં સાદુ અને એકાંત જીવન ગાળનાર, દુનિયાની દૃષ્ટિએ વિખ્યાતિ ન મેળવનાર અનેક રત્નો હોય છે કે જે સદ્‌ગુણની બાબતમાં બહુ ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરવાને યોગ્ય હોય છે. આવા પ્રાણીઓ સમજે છે કે અતિ ઉચ્ચ વિચારણાઓ કરવી, આત્મતત્ત્વનું ચિંતવન કરવું, પોતે જે સંયોગોમાં મૂકાયલા હોય તેને અંગે પોતાના માથાપર આવી પડતી અનેક ફરજો તેના યથાસ્થિત આકારમાં બજાવવી, સર્વ પ્રાણીઓ તરફ સદ્‌ભાવ રાખવો, પ્રેમ રાખવો અને પોતાની જાતને જરૂરીઆતની વસ્તુઓ પૂરી પાડવા ઉપરાંત અન્ય પ્રાણીઓ તરફ બને તેટલો પરોપકાર કરવો, અન્યની સેવા કરવી–એ જીવનનું કર્તવ્ય છે. આવી રીતે જીવન ગાળવામાં અન્ય પ્રાણીઓ તરફથી પ્રશંસા થાય છે કે નહિ તેની આ વિશિષ્ટ દૃષ્ટિવાનને દરકાર હોતી નથી, અને આ મુખ્ય નિયમ આત્મવિચારણાને અંગે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

સદ્‌ગુણોને અંગે એક હકીકત ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે તે એ છે કે તેને વ્યવહારમાં બરાબર અમલમાં મૂકવા જોઇએ. સદ્‌ગુણોની વાતો કરવામાં કાંઇ વળતું નથી. જ્યારે પ્રસંગ આવી પડે તે વખતે વિમાર્ગ પર અવતરણ ન થઈ જાય તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે. વ્યવહારૂ જીવનમાં કેટલાક એવા પ્રસંગો આવે છે કે જે વખતે લાલચમાં પડી જવાનાં કારણો બને છે, તેવે પ્રસંગે જો માનસિક ધૈર્ય અલ્પ હોય તો કરેલ નિર્ણયો વિસરી જવાય છે અને લાલચને તાબે થઇ જવાય છે. જો આવી બાબતમાં ચિત્તની દૃઢતા ન હોય તો વિચારણાનું કાંઇ ફળ નથી. ગમે તેટલી આફત આવે, દુઃખ પડે, ધારેલ લાભો તણાઇ જાય પણ જો પોતાના નિર્ણયો આત્મવિચારણા પૂર્વક થયા હોય ને તેનાથી જરા પણ હચમચી જવાનું બને નહિ તોજ વિચારણા ઉપયોગી થઇ ગણાય. આથી સદ્‌ગુણમાં વૃદ્ધિ કરવાનો વિચાર હોય તેણે વ્યવહારના અનેક પ્રસંગોમાં પોતે વિશુદ્ધ પસાર થઈ શકે છે કે નહિ, ગમે તેવી લાલચનો ભોગ થતાં અટકી શકે છે કે નહિ તેનો નિર્ણય કરવો જોઇએ. દુનિયા અનુભવની શાળા છે અને તેમાં જેમ જેમ કસોટી થાય તેમ તેમ સદ્‌ગુણની વાસ્તવિક કિંમત થાય છે. લાલચને વશ ન થવા નિર્ણય કરવો એ સદ્‌ગુણને પોતાના કરવાનો મુખ્ય રસ્તો છે.

સદ્‌ગુણને અંગે બીજા પણ ઘણા નિયમો જે વિશુદ્ધ જીવનની ચાવીરૂપ છે તે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. કોઇ પણ વર્તન કરતાં તેને ચીવટથી વળગી રહેવું જોઈએ, નિર્ણયો જરા જરામાં ફેરવી નાખવા ન જોઇએ અને નૈતિક હિમત રાખી કાર્ય કરવું જોઇએ. સદ્‌ગુણના બદલાની કદી આશા રાખવી નહીં. આશા રાખીને કામ કરે છે તેને બદલો મળતો નથી અથવા મળે તેટલા વખત સુધી ધીરજ રહેતી નથી. આથી પ્રથમથી જો ફળાપેક્ષા ન હોય તો બહુ લાભ થાય

For Private And Personal Use Only

છે. સદ્ગુણ એ એવી સુંદર વસ્તુ છે કે જેનો બાહ્ય પ્રેરણા ન કરવી હોય તો જરૂર લાગે છે, પણ તેમાં કેટલાક વખત લાગે છે, તેથી તેની અપેક્ષા [illegible] કરવું. આ પ્રમાણે કરવાથી મનમાં અંતર બહુ થાય તે અનુભવથી જણાય છે.

એક બેરો ¹ નામનો ઇંગ્લિશ લેખક કહે છે કે " સદ્ગુણ આપણે ઉંઘતા હોઈએ અથવા તેની દરકાર પણ કરતા ન હોઈએ ત્યારે જેમ એક રાતમાં અનેક [illegible] ઉત્પન્ન થઈ જાય છે તેમ ઉત્પન્ન થઈ જતા નથી, પણ એ તો એવી જાતના છોડવા છે કે જે બહુ નાજુક હોય, જે બહુ ધીમે અને નાજુક રીતે ઉગતા હોય, જેને વાવવામાં બહુ સંભાળ રાખવાની જરૂર હોય, જેને ઉછેરવામાં બહુ મહેનત કરવી પડતી હોય, અને જેને સંભાળવામાં ઘણો વખત આપવો પડતો હોય. તેમજ દુર્ગુણો એ એવા ભૂત કે વ્યંતર નથી કે જે એક મંત્ર બોલવાથી નાસી જાય અથવા એક દાવ મારવાથી મરી જાય અથવા એક ઘા મારવાથી [illegible] જાય, ત્યારે પછી દુર્ગુણોને દૂર કરી તેના સ્થાનપર સદ્ગુણોનું સ્થાપન કરવાનું કાર્ય થોડા વરસ અથવા થોડા અઠવાડિયા ઉપર રાખવાનું કોણ વિચારે ? છતાં જેઓ પશ્ચાત્તાપ અથવા સુધારણા મુલતવી રાખે છે તે એ પ્રમાણે કરે છે. પોતાને જીવનમાં જે કાર્ય સફળ કરવાને ઘણો વખત મળ્યો છે તેમાં તે સંકોચ કરે છે અને તેમ કરવામાં તે પોતાની મોટી ભૂલ કરે છે. આવા માણસને અમે 'મૂર્ખ' કહીએ છીએ. " આમાં બહુ સુંદર વાતો બતાવી. જેઓ સદ્ગુણધારણને મુલતવી રાખે છે, જેઓ [illegible] વખતમાં સદ્ગુણી થવાનું ધારે છે તેને કયું ઉપનામ યોગ્ય છે તે [illegible] જાણવું રહે. સદ્ગુણ વ્યવહાર શીખવે છે, અને દરેક નાના મોટા કાર્યમાં તે શી

---

1 BARROW- Virtue is not a mushroom that springeth up of itself in one night, when we are asleep or regard it not; but a delicate plant, that groweth slowly and tenderly, needing much pains to cultivate it, much care to guard it, much time to mature it. Neither is vice a spirit that will be conjured away with a charm, slain by a single blow or despatched by one stab. Who, then, will be so foolish as to leave the eradicating of vice and the planting in of virtue into its place, to a few years or weeks? yet he who procrastinates his 'repentence' and amendment grossly does so: with his eyes open, he abridges the time allotted for the longest and most important work he has to perform; he is a fool.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાસ છે તેથી અમુક સદ્ગુણ વિસ્તાર હવે પછી કરવામાં આવશે એવો વિચાર કર્યો તે સંભવ છે અને આપ વિચારણાનું પરિણામ છે. આપણા જીવન સહિત સદ્ગુણી થવાનો અભ્યાસ પાડવો જોઇએ. સદ્ગુણની અસર કેટલી દીર્ઘ છે તે સહજ સમજાય તેવું છે. આ જીવન ટુંકું છે પણ તેને સદ્ગુણી બનાવવાથી તેની અસર ભવાંતરમાં બહુ સારી રીતે થાય છે. આ જીવનમાં જે ઉપયોગી વાત છે તે આપણે ઉપર જણાવ્યું છે. મનુષ્યભવમાં આત્મદર્શન કરી શકવામાં જે ઉત્તમ સાધનો સવિશેષપણે પ્રાપ્ત થાય છે તે સદ્ગુણને લઇને છે. શેક્સપીયર[1] જેવા કવિ પોતાની પ્રતિભા લંબાવીને કહી ગયા છે કે " આ ટુંકા જીવનને કાળના અનંત પ્રવાહ સાથે જોડવાનો ઉપાય સદ્ગુણી જીવન છે. " એના કહેવાનો આશય એ છે કે બીજી રીતે ટુંકી લાગતી જીંદગી લંબાવવી હોય તો તેનો ઉપાય જેમ બને તેમ વર્તનને વિશિષ્ટ કરવું એ છે. આપણે તો ચેતનને અને તેના ભવાંતરને બહુ સારી રીતે સમજીએ છીએ, આપણાં કાર્યનાં ફળ મળે છે તે જાણીએ છીએ, અને આપણી ફરજને વિચારવાનો અત્ર સુંદર અવકાશ છે તે સ્વીકારીએ છીએ, તેથી જેમ બને તેમ સદ્ગુણી જીવન ગાળી વર્તનને સુધારી આત્મિકમાં સવિશેષ રમણતા કરવાની આપણી ફરજ છે.

સદ્ગુણોને અંગે એક ખાસ વિચારવા યોગ્ય હકીકત છે તે એ છે કે તેના સંબંધમાં અભિમાન થઇ જવાનો સંભવ રહે છે. આપણે ' મહત્યાગ ' ના બીજા પ્રકરણના વિષયપર વિચાર કરતાં મદ કેવા પ્રકારના હોય છે અને તે કેવી રીતે કામ કરે છે અને તેને વશ થવાથી અધઃપાત કેવી રીતે થાય છે તેપર વિવેચન કરી ગયા છીએ. એ વખતે એ મોટા દુર્ગુણ કેટલો હાનિકર્તા છે તે ત્યાં વિસ્તારથી વિચારવામાં આવ્યું હતું. પોતામાં જે ગુણો હોય તેથી અજાણ્યા રહેવાની જરૂર નથી, પરંતુ તેનું અભિમાન કરવાથી ગુણપ્રાપ્તિ અટકી પડે છે અને અભિમાનને અંગે આત્મદર્શન થતું નથી. ગુણપ્રાપ્તિ ગુણ ખાતરજ કરવાની છે. ગુણના ઉપર એવો પ્રેમ થઇ જવો જોઇએ કે ગુણની વાત સાંભળી આનંદ થાય, ગુણવાનનું ચરિત્ર વાંચી–સાંભળી રોમાંચ થાય, ગુણનું અસ્તિત્વ અન્યમાં જોઇ તેનો વિચાર કરતાં હર્ષ થાય અને ગુણવાનને જોઇ તેના તરફ નૈસર્ગિક પ્રીતિ થાય. આ અતિ મહત્વની હકીકત છે. પોતામાં કોઇ ગુણો હોય તે અન્યના જાણવામાં ક્યારે આવે ? તેઓ તેના વખાણ કેવી રીતે કરે ? પોતાની મહત્તા કેવી રીતે વધે ? એવી વૃત્તિ થાય તે ઠીક નથી. ગુણ ન હોય તેના કરતાં તો અજ્ઞાન આ ઠીક

1. SHAKESHPEARE Our life is short; but extend that span; to vast eternity, is virtue's work.

For Private And Personal Use Only

વાત છે, પરંતુ આપણે જે ઉચ્ચ દ્રષ્ટિની વાત કરીએ છીએ તેની અપેક્ષાએ એવી વૃત્તિ પ્રશંસનીય પસંદ કરવા યોગ્ય નથી. ત્યારે શેફ્ટસબરી[2] નામના એક વિદ્વાન કહે છે કે તેમ ગુણ ઉપર તેની ખાતરજ પ્રેમ થવો જોઈએ. જેમ શોભા થવાની ફરજ ખાસ સમજે છે તેમ અન્ય કોઈ જાણે કે નહિ તેની દરકાર કર્યા વગર ગુણ ખાતરજ ગુણ ઉપર પ્રેમ થવો જોઈએ અને એવી રીતે ગુણ પ્રાપ્તિમાં આગળ વધવું જોઈએ. એક વખત અન્યોને ગુણ બતાવવાની ટેવ પડે છે કે પછી ફળની અપેક્ષા થાય છે, ગુણમાં જે વિશિષ્ટ તત્ત્વ રહેલું છે તેનો નાશ થાય છે અને ગુણ એક વેચવા હોવાની વસ્તુની સ્થિતિ ઉપર આવી જાય છે.

ઘણી વખત દાન દેનાર, સત્ય બોલનાર કે વિશેષ ફરજ બજાવનાર પ્રાણી પોતાની પ્રત્યેક હકીકત અન્યને બતાવવા, બીજા માણસો પાસે તેની વાતો કરવા અને તે દ્વારા પોતાની મહત્તા દર્શાવવા લલચાઈ જાય છે, તેને મનમાં એમ થઈ જાય છે કે અન્ય માણસો પોતાનો પાડ માને, આશીર્વાદ દે, તેના ઉપકારનો ખ્યાલ લાવે અને તે માટે તેને માન આપે તો સારૂં. આવી બુદ્ધિ થવાથી સહજ શુભ કાર્ય કે વર્તન કર્યું હોય તેના બણગા ફુંકવાની વૃત્તિ ઉદ્ભવે છે. આવી રીતે પ્રાણીને પોતાના શુભ કાર્ય કે વર્તનના ફળની ઇચ્છા થાય છે અને ફળની ઇચ્છા થાય કે એવી સદ્ગુણમાં જે અમૂલ્ય તત્ત્વ આત્મદર્શન કરાવવાનું છે તે ક્ષીણ થઈ જાય છે. સદ્ગુણની કિંમત અન્ય લોકો બહુ કરે છે અને કોઈ પણ મહત્વનું કાર્ય કરનારને અથવા ફરજ બજાવનારને માન આપે છે, તે તો કાર્ય કે વર્તનની વિશિષ્ટતાને અંગે છે. તેવા ફળની અપેક્ષા ન હોય તોપણ વિશિષ્ટ આત્મા માનની ગુપ્ત રહેતો નથી અને તેના તરફ સદ્ભાવથી અન્ય સર્વ જુએ છે. પરંતુ એવા વિશિષ્ટ કાર્ય કરનારને પોતાને માનાભિલાષા ન હોવી જોઈએ. અન્ય લોકો સારૂં બોલે કે ઉચ્ચ શબ્દમાં તેની સ્તુતિ કરે એ જુદી વાત છે અને માનની અભિલાષા રાખવી અને તે મેળવવા ખાતર પોતે પ્રયાસ પ્રયત્ન કરવો એ જુદી વાત છે. વિશિષ્ટ કાર્ય કે વર્તન માનની અભિલાષા વગર કરવામાં આવે અને તેમાં માત્ર આત્મદર્શન કરવાનો હેતુ રાખવામાં આવે તેનું સાધ્ય જુદું જ હોય છે, તેના ફળની અસરકારક ઓર પ્રકારની હોય છે, તેનું પરિણામ કોઈ અન્ય પ્રકારનું હોય છે. આવી ગુણ પ્રાપ્તિ કરી પહેલાં કે તેને અંગે વિશિષ્ટ કાર્ય કરી પછી કોઈ પણ પ્રકારની માન પ્રાપ્તિ કરવાની ઇચ્છા-અભિલાષા રાખવી નહિ. આ દુનિયામાં અનેક મહાત્મા પુરૂષો હોય છે. જેઓની હકીકત આપણે જાણીએ

૨. SHAFTESBURY. I would be virtuous for my own sake, though nobody were to know it; as I would be clean for my own sake, though nobody were to see me.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણીએ તેજ અથવા તેટલાજ મહાત્માઓ છે એમ ધારી લેવાનું કારણ નથી. આપણે અમુક પ્રાણીને મહાત્મા તરીકે જાણીએ કે ન જાણીએ તેથી તેને પોતાને વાસ્તવિક રીતે કાંઇ લાભ કે ગેરલાભ નથી. જે આત્મપ્રગતિ કરવાના ઉચ્ચ હેતુથી તેણે સદ્ગુણમાં વ્યવહાર કરવાની શરૂઆત કરી છે તેમાં જરા પણ તફાવત અન્ય પ્રાણીઓ તેની પુજા કરે કે ન કરે તેને અંગે પડતો નથી. અન્ય મહાત્માના સંબંધમાં આ જે નિયમો બતાવ્યા તે પોતાને ખાસ લાગુ પાડવા અને ગુણપ્રાપ્તિ ગુણની ખાતરજ કરવા પ્રયત્ન કરવો. તેને માટે અન્ય લોકો શું ધારશે તે વિચારવું નહીં. ને કોઇપણ રીતે પોતાની નાની બાબતો બીજાઓના ધ્યાનમાં આવે તો ઠીક એવી પોતાના વખાણ થવાની ઈચ્છા કદી રાખવી નહિ.

સૌજન્યના બાર વિશિષ્ટ સૂત્રો બતાવનાર તો કહે છે કે તારે ગુણોને ઢાંકી દેવા, એટલે પ્રયત્ન કરી જેમ બને તેમ અન્ય ન જાણે તેવી રીતે તેને અમલમાં મૂકવા. સદ્ગુણની જે શ્રેણીઓ ઉપર બતાવી છે તેનો વિચાર કરતાં આ બાબત બહુ સ્પષ્ટ રીતે જણાય છે. મનુષ્ય ભવપ્રાપ્તિની વિષમતા અને તે પછી પણ દેવગુરૂની અનુકૂળતા, વિશિષ્ટ તત્ત્વ સમજવાની શક્તિ અને બીજા અનુકૂળ સંયોગો પ્રાપ્ત થવાની મુશ્કેલી વિચારતાં આ પ્રાણી તે સર્વ પ્રાપ્ત કરી આ ટુંકા જીવનના કરેલાં કાંઇક થોડાં શુભ કાર્યો કે વર્તનો અન્યને બતાવવાની લાલચમાં કેટલા લપટાઈ જાય છે અને તેમ કરીને કરેલ શુભ વર્તનનો લાભ કેવી રીતે ખોઇ નાખે છે તેમજ તેવા નજીવા પરિણામ માટે તે સર્વ કેવી રીતે ગુમાવી બેસે છે તેની નબળાઈ મહાપુરૂષો જોઈ શકે છે અને તેને પરિણામે તેઓ કહે છે કે તારે તારામાં જે સદ્ગુણો હોય તેના અન્ય પાસે વખાણ કરવા નહિ, તેને માટે માનપ્રતિષ્ઠા મેળવવાનો વિચાર કરવો નહિ અને ગુણની ખાતર માન મળે તેવી ઇચ્છા પણ કરવી નહિ, એટલુંજ નહિ પણ તારે તારા પોતાનાં ગુણોને ઢાંકવા યત્ન કરવો. અન્ય પ્રાણીઓમાં જરા જેટલા સદ્ગુણો હોય તેને મોટા માનવાની વાત નીતિ શાસ્ત્રકારો વારંવાર કહી ગયા છે પણ ત્યાં સ્પષ્ટ રીતે કહે છે કે એવી રીતે પર ગુણની પુજા કરનારા અને તેમાં આનંદ માનનારા બહુ થોડા પ્રાણીઓ હોય છે. परगुण परमाणून् पर्वतीकृत्य नित्यं, निज हृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ( પારકા અણુ જેવા ગુણોને પર્વત જેવા મહાન ગણીને હરરોજ પોતાનાં હૃદયમાં તે તરફ આનંદ પામનારા પ્રાણીઓ બહુ થોડા હોય છે. ) આની સાથે પોતાની નાની વાતને મોટી બતાવનાર, તેની અન્ય પાસે મોટા શબ્દોમાં વાત કરનાર બહુ પ્રાણીઓ હોય છે. અન્યના સદ્ગુણોને મોટા માનનાર અલ્પ હોય છે તે તો ખરેખરી વાત છે, કારણ કે અસૂયા ઈર્ષ્યા આદિથી અન્યની વાત નરમ પાડવાની વૃત્તિ બહુ જગો પર જોવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાલ કર્યો નિયમો ખ્યાલમાં રાખી અવલોકન કરવાની વિશિષ્ટ ટેવને પરિણામે અનુભવીઓ કહી ગયા છે કે તારે તારા ગુણોને ઢાંકી રાખવાની બહુ જરૂર છે. જેમ સુંદર સ્ત્રીના શરીરનાં અવયવો આચ્છાદન કરેલાં હોય છે ત્યારે જેટલું સૌંદર્ય આપે છે તેટલું તેજ સ્ત્રીના ઉઘાડા કરેલાં અવયવો આપી શકતાં નથી, તેમજ ગુણ વિશિષ્ટતા જેટલી ઢુપાયલી હોય છે ત્યારે મજા આપે છે તેટલી ઉઘાડી રીતે મજા આપી શકતી નથી. ગુણને પ્રગટ કરવાના કાર્યમાં ગુણમાં જે મહત્તા છે તેનો નાશ થઈ જાય છે, ગુણનો આત્મિક ભાવ દૂર થઈ જઈ ઐહિક ભાવ તેમાં પ્રગટ થાય છે અને તે અધ્યાત્મની ઉચ્ચ પંક્તિ પરથી સ્થૂળ દશામાં આવી જાય છે.

સ્વગુણ અચ્છાદન કરવામાં જે સર્વથી ઉપયોગી તત્ત્વની જરૂર છે તે આત્મ નિયંત્રણા અથવા સ્વઅંકુશ છે. જ્યાંસુધી પોતાનાં કાર્યોપર અંકુશ આવી જતો નથી, જ્યાંસુધી વિચાર વચન અને કાર્યમાં અંકુશ પ્રાપ્ત થતો નથી, જ્યાંસુધી નૈસર્ગિક હિંમત આવતી નથી ત્યાંસુધી ગમે તે મનોવિકારને તાબે થઇ જવાની લાલચ થઈ આવે છે. મનુષ્યત્વમાં જો ખરેખરૂં આત્મતત્ત્વ સ્થિર થવાનું સાધન હોય તો તેનો મુખ્ય ભાગ આ આત્મનિયંત્રણા ઉપર રહે છે. એક વિદ્વાન્ તો ત્યાંસુધી કહે છે કે જનાવર અને મનુષ્યનો તફાવત બતાવનાર તત્ત્વજ આ અંકુશ બતાવે છે. જ્યાંસુધી સ્થૂળ લાલચને વશ થઇ વર્તન થઇ જાય, ઐહિક અપેક્ષાઓ નજરથી દૂર કરી ન શકાય અને વારંવાર વિશિષ્ટ આત્મદર્શન તરફ રૂચિ ન થાય ત્યાંસુધી આ જીવન નકામું છે અને અનેક મુશ્કેલીએ તે પ્રાપ્ત થયું છે તેને વગોવનારૂં છે. પોતાની જાત પર એટલો બધો અંકુશ આવી જવો જોઇએ કે બહારની લાલચો માટે ગમે તેવા પ્રસંગો આવે, તે ખાતર ગમે તેટલો ભોગ આપવો પડે અથવા સહન કરવું પડે પણ વર્તનમાં કે વિચારણામાં ફેર પડે નહિ. આવી વૃત્તિ થાય ત્યારેજ સ્વગુણનું અચ્છાદન કરવાનો નિયમ અમલમાં મૂકી શકાય છે. નહિ તો માનની અભિલાષા એવી મીઠી છે કે તેને સીધી કે આડકતરી રીતે તાબે થયા વગર રહી શકાતું નથી અને એકવાર એવી વૃત્તિ થઇ એટલે વિશિષ્ટ દર્શનને જરૂર અધઃપાત થાય છે.

ગુણવાન્ પ્રાણીઓને માન મળતું નથી એવું કાંઈ નથી. આપણે સ્થૂળભદ્રને અપૂર્વ નિયમને વળગી રહેવાની વૃત્તિ માટે પૂર્ણ માન આપીએ છીએ, શ્રીપાળનું સૌજન્ય વખાણીએ છીએ, શ્રીમહાવીરપરમાત્માને તેના અડગ ધૈર્ય માટે નમસ્કાર કરીએ છીએ, સીતા, દ્રૌપદી, સુભદ્રાનું સતીત્વ પ્રશંસીએ છીએ, અનેક મહાત્માઓના ત્યાગ ધર્મ પર રાજી થઈએ છીએ, નિયમ નિર્વહન કરવાની વૃત્તિ માટે મુક્તકંઠે સ્તુતિ કરીએ છીએ અને તેની મહત્તા સમજીએ છીએ. પરંતુ તે મહાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોએ પોતાનાં વિશિષ્ઠ ગુણો માટે પોતે જાતે પ્રશંસા કરી હોય, અન્ય પાસેથી તે સંબંધમાં સ્તુતિ પ્રાપ્ત કરવા માટે સીધી કે આડકતરી રીતે પ્રયત્ન કર્યો હોય અથવા તે સંબંધમાં વાજાં વગડાવ્યાં હોય એવું કાંઇ નથી. એટલુંજ નહિ પણ વિશિષ્ટ વર્તનશાળી મહા પુરૂષોએ પોતાની મહત્તા છુપાવી હોય એવું તેઓના ચરિત્રો વાંચવાથી જણાઇ આવે છે. કોઈ બારિક અવલોકન કરનારા અથવા વિશિષ્ટ જ્ઞાની મહાત્મા તેઓના વર્તનની મહત્તા બતાવવા જ્યાંસુધી બહાર ન પડે ત્યાંસુધી વિશિષ્ટ મહાન્ તત્ત્વો છુપાયલાંજ રહે છે. વિશેષ ગુણોને માન જરૂર મળે છે એવો સાર્વજનિક નિયમ છે. લોકો એ ગુણના આશ્રમના સંબંધમાં અતિ ઉચ્ચ શબ્દોમાં અસ્ખલિતપણે વાતો કરે છે, એનાં શરીરને અસાધારણ માન આપે છે, એના નામોચ્ચારણમાં પણ પોતાની જિહ્વાને પવિત્ર થયેલી માને છે; પરંતુ મહાન્ પુરૂષો એવી સ્તુતિ પ્રાપ્ત કરવાના ઈરાદાથી કોઈ વર્તન કરતા નથી અને કરેલ શુભ વર્તનો અન્ય સારી રીતે જાણે તેને માટે પ્રયાસ કરવાની ઇચ્છા રાખતા નથી. શુભ ગુણો વ્યક્ત થતાં સ્વતઃ માન મળે તે જૂદી વાત છે અને તે માટે ખાસ પ્રયત્ન થાય તે જૂદી વાત છે.

આ પ્રાણીની દશા સામાન્ય રીતે એવા પ્રકારની વર્તે છે કે અન્ય તરફથી તેને માન સન્માન મળે એટલે તે જરા અભિમાનમાં આવી જાય છે. અભિમાન થતાં આત્મિય દર્શન કરવાનો પ્રસંગ દૂર થાય છે, કારણ સદ્ગુણ તેનું દિવ્યસ્વરૂપ વિસારી દઈ સ્થૂળ આકારમાં આવી જાય છે. ત્યાર પછી વિશેષ ગુણ પ્રાપ્તિ અથવા અમુક સદ્ગુણમાં પ્રગતિ થતી અટકી પડે છે; અને એ પ્રમાણે થાય છે એટલે આ પ્રાણીનો વાસ્તવિક રીતે અધઃપાત થાય છે. એવો પ્રસંગ ન આવે માટે વિશિષ્ટ તત્ત્વનું સ્વરૂપ અને તેની આ પ્રાણીને અંગે થતી હીલચાલનું બરાબર અવલોકન કરનાર, આ પ્રાણીપર એકાંત હિતદૃષ્ટિ ધ્યાનમાં રાખીને કહી ગયા છે કે તેણે માન પ્રાપ્તિ કરવા લલચાઈ જવું નહિ, એટલુંજ નહિ પણ પોતામાં જે કાંઇ ગુણો હોય તેનું પ્રચ્છાદન કરવા યત્ન કરવો. એનો આશય એ છે કે પોતાના ગુણો સંબંધી અન્ય પાસે વાત કરવા કે તે માટે મહત્વતા મેળવવાની ઇચ્છા રાખવાનાં ત્યાગ ઉપરાંત તેને બરાબર ઓળખીને તેને છુપાવવા યત્ન કરવો. આ પ્રમાણે કરવામાં જરા પણ આત્મવંચના થતી નથી એ બરાબર લક્ષ્યમાં રાખવું. આત્મવંચના ગુણને ન ઓળખવામાં થવાનો સંભવ છે, પણ ગુણ માટે અન્ય પાસેથી માન પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છાનો ત્યાગ કરવામાં કોઇ પણ પ્રકારની આત્મવંચના થતી નથી.

પોતે કોણ છે? આ શરીર અને નામનો સંબંધ પોતાની સાથે કેટલો છે? માન મેળવનારના શરીરનો નાશ થયા પછી તેને અને તેની સ્થૂળ માન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



... આશીર્વાદ કરવા ઈચ્છે તેમણે પોતાનું જીવન ઉત્તમ પ્રકારનું ... જોઈએ, તેને માટે માર્ગાનુસારીના ૩૫ ગુણ અને શ્રાવકના ૨૧ ગુણ ... છે તે ખાસ જાણવા જેવા છે અને યથાશક્તિ આદરવા જેવા છે.

માર્ગાનુસારીના ગુણોમાં પહેલો ગુણ "ન્યાયસંપન્ન વૈભવ" એ નામનો ... છે. ... અનાદિ કાળથી ... ભ્રમણ કરે છે, અને અજ્ઞાનના યોગે જન્મ ... કરે છે, પણ જ્યારથી તેનામાં માર્ગાનુસારી દૃષ્ટિ થાય છે ત્યારથી તેનામાં કંઈ અંશે અજ્ઞાનની ઓછાશ થવાની શરૂઆત થાય છે. એકલી માર્ગાનુસારી દૃષ્ટિ મોક્ષપ્રાપ્તિને માટે બસ નથી, તે પ્રાપ્ત થયા પછી તો ઘણું આગળ વધવાનું છે, પણ તે પ્રાપ્ત થયા સિવાય આગળ વધવાની લાયકાત આવી શકતી નથી. ન્યાયવૃત્તિ અને ન્યાયસંપન્ન વૈભવને જે અગ્રસ્થાન આપવામાં આવ્યું છે તે સકારણ હોવું જોઈએ, તેના કારણનો ઉહાપોહ કરવામાં ગયેલો કાળ નકામો ગયેલો લેખાશે નહીં. તેનો બે રીતે વિચાર કરવાની જરૂર છે. વ્યાવહારિક રીતે અને પારમાર્થિક રીતે.

વ્યાવહારિક રીતે–દૃષ્ટિએ વિચાર કરતાં દરેક દેશ અને ધર્મમાં તેને મહત્વ આપવામાં આવ્યું છે. તે મહત્વ આપવામાં એ ગુણને વ્યાવહારિક ઉન્નતિના મૂળ કારણ રૂપ ગણીને તેના આરાધન માટે ખાસ તેઓએ આગ્રહ કરેલો છે. જ્યારે લોકોત્તર શાસ્ત્રોએ વ્યવહાર અને પરમાર્થ બન્નેમાં તેની ઉપયોગીતા સ્વીકારેલી છે, એટલું જ નહિ પણ એ ગુણને પુણ્યનું કારણ માનેલું છે, વ્યવહારની અંદર જે મનુષ્યની પ્રવૃત્તિ ન્યાયી હોય છે, તેના ઉપર જનસમાજનો વિશ્વાસ વધારે હોય છે. તેના બોલવા ઉપર બીજાના કરતાં વિશેષ વજન રાખવામાં આવે છે, અને બીજાઓના કરતાં તેના તરફ જનસમાજ વધારે માનની દૃષ્ટિથી જુએ છે; અને તે ગુણને લીધે બીજા કરતાં તેને આર્થિક ફાયદો ઓછો થતો નથી.

ન્યાયી વૃત્તિની દરેક ઠેકાણે અને દરેક પ્રસંગે જરૂર છે. પ્રથમ આપણે આપણા વેપારની અંદર એ ગુણની કેટલી બધી આવશ્યકતા છે તે તપાસીએ. બે વેપારીની લોટબિંદ દુકાન હોય, તેમાં જે વેપારીની શાખ સારી હશે અને તેની નીતિ ન્યાયી હશે તે વેપારીની દુકાને ગ્રાહકોની સંખ્યા વિશેષ રીતે જોવામાં આવશે. બેશક સારી શાખ ઉત્પન્ન કરતાં અને તેની સમાજને ખાતરી થતાં સુધી તેને તંગી ભોગવવી પડે છે, બીજા કરતાં તેને ઓછો ફાયદો થાય છે ... લાગે છે, પણ જ્યાં એક વખત તેની આબરૂ–શાખ–અને ન્યાયવૃત્તિને માટે સમાજના જાણવામાં આવ્યું અને ખાત્રી થઈ તો પછી બીજા કરતાં તેનો વેપાર સારી રીતે ચાલે છે, તેના બોલવા ઉપર લોકો વિશ્વાસ રાખે છે અને તેનું કામ ઘણું સરળ થઈ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોકરી કરવાનો ધંધો કરનાર નોકરના સંબંધમાં પણ તેમજ જોવામાં આવે છે, જે માણસ પ્રમાણિકપણે નોકરી કરનાર છે, એવી એક વખત ખાત્રી થઇ કે પછી તેની કિંમત વધે છે, તેને વધુ મુસારો આપી નોકર રાખવાને માટે માગણીઓ થાય છે, અને માલીક તેને પોતાનો અત્યંત વિશ્વાસુ ગણી પોતાની કિંમતી જાગીર વહીવટ કરવાને તેના હસ્તકમાં સોંપે છે, કેટલીક વખતે બીજાને ન જણાવવા જેવી પોતાની ગુહ્ય વાત પણ તેને જણાવે છે. આ પ્રતાપ શેનો છે? નોકરની ન્યાયી વૃત્તિનો; બીજા કશાનો નથી.

માલ બનાવનાર કંપની યા કારીગરોના સંબંધમાં તપાસ કરતાં પણ આ પણા અનુભવમાં આવે છે કે જે કંપની યા કારીગર પોતાનો માલ સારો બનાવે છે, જેની બનાવટમાં કંઇ દગો કિંવા લુચ્ચાઈ જેવું હોતું નથી, અને માલ યા ચીજ ઉત્તમ પ્રકારેજ બનાવે જાય છે, તે કંપની યા કારીગરની છાપવાળા માલના ઉપર સમાજનો ઘણો વિશ્વાસ હોય છે, અને તે માલની ખરીદી વખતે તેના ઉત્તમપણા માટે વિશેષ ખાત્રી કરવાનો પ્રયત્ન કરવો પડતો નથી; જથાબંધ તેના માલની માગણી થાય છે, અને તેવો માલ વેચનારાઓને પણ તેના સારાપણાની ખાત્રી કરી આપવાને મહેનત કરવી પડતી નથી. અને જે કંપની યા કારીગરોના બનાવેલા માલના સંબંધમાં સમાજનો વિશ્વાસ હોતો નથી તેમનો માલ કેટલીક વખત સારો અને ઉત્તમ હોય છે, તો પણ તેના ખરીદ કરનારાઓ તે લેવાને લલચાતા નથી. સામાન્ય એક કહેવત છે કે, **"નામીચો ચોર માર્યો જાય, અને નામીચો શાહુકાર રળી ખાય."** એક વખત ન્યાયી અને પ્રમાણિકપણાની આબરૂ બંધાયા પછી તેના ફળ તેને મળ્યાં સિવાય રહેતાં નથી. રાજ્યદ્વારમાં પણ જોઈશું તો પ્રમાણિક અને વિશ્વાસુ અમલદાર અથવા નોકરની કિંમત વધારે થાય છે, માટે સામાન્ય નોકરોને પણ ઉંચો દરજ્જો પ્રાપ્ત થવામાં એ ગુણ તેને બહુ મદદ કરે છે.

જે માણસ, જે કુટુંબ, કે જે દેશના લોકો વધારે વધારે પ્રમાણિક અને ન્યાયી હોય છે તેને માટે જગતના લોકો બહુ માન ધરાવે છે.

હવે આપણે પારમાર્થિક રીતે તેનો વિચાર કરીએ. જગતમાં ઉચ્ચપદ અથવા ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થવાના હેતુઓમાં પ્રધાન હેતુ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય છે, વિશુદ્ધ ન્યાયવૃત્તિથી પુણ્યનો બંધ પડે છે એમ ઉપદેશ તરંગણી ગ્રંથના કર્તા પંડિત રત્નમંદિરગણિ આપણને આ વિષયના મથાળાના શ્લોકમાં સૂચવે છે. પુણ્યબંધના ઘણા હેતુઓ છે; તેમાં કેટલાકમાં દ્રવ્ય ખર્ચ અથવા શરીર કષ્ટ સહન કરવાના પ્રસંગો છે, જ્યારે ન્યાયીવૃત્તિમાં તે બન્ને સિવાય તે પ્રાપ્ત થઈ શકે છે, વિચારની નિર્મળતાજ અને કાર્ય પ્રસંગે સારાસારનું વિચારપણુંજ તેમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગી છે. શ્રી શ્રીપાળ રાસના કર્તા ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજે પણ એજ પ્રતિપાદન કરેલું છે; મયણા અને સુરસુંદરી બે બ્હેનો થાય છે, મયણાને જૈન સિદ્ધાંતના જાણનારા અધ્યાપક પાસે અને સુરસુંદરીને અન્ય મતના શાસ્ત્રાભ્યાસી પાસે ધાર્મિક શિક્ષણ આપવાની યોજના કરવામાં આવેલી હતી. બન્નેએ કેળવણી લીધી તેમાં મયણાસુંદરીએ વ્યાવહારિક કેળવણી ઉપરાંત જૈનધર્મના મુખ્ય સિદ્ધાંત, સ્યાદ્વાદ શૈલી, નવતત્ત્વ, નય નિક્ષેપ અને કર્મગ્રંથનો અભ્યાસ કર્યો હતો અને વસ્તુના દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ જાણ્યું હતું. સંગ્રહણ, પ્રવચન સારોદ્ધાર, ક્ષેત્રવિચાર ઇત્યાદિ શ્રાવકવર્ગને ભણવાના અધિકારવાળા ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો હતો.

બન્ને કુમારિકાઓના પિતા પ્રજાપાળ રાજાને પોતાની બાળાઓના અભ્યાસની પરીક્ષા કરવાનો વિચાર થયો, અને સભાની અંદર તેમની પરીક્ષા માટે વિવિધ પ્રકારની સમસ્યાઓ પૂછી, તેના ઉત્તરથી રાજાને સંતોષ થયો. છેવટે રાજાએ એક ઘણો અગત્યનો પ્રશ્ન પૂછ્યો કે "પુણ્યથી શી શી વસ્તુ મળે?" જેના ઉત્તર બન્ને બ્હેનોએ જુદી જુદી રીતના આપ્યા. સુરસુંદરીને ધાર્મિક સંસ્કાર ન હતાં અને તે પૌદ્ગલિક સુખમાં રાચનારી હતી. તેણીએ જણાવ્યું કે—

"સુરસુંદરી કહે ચાતુરી, ધન યોવન વર દેહ"
"મનવલ્લભ મેળાવડોરે, પુણ્યે પામીજે એહરે."

ત્યારે મયણાસુંદરીએ જણાવ્યું કે—

"મયણા કહે અતિ ન્યાયનીરે, શીળશું નિર્મળ દેહ"
"સંગતિ ગુરૂ ગુણવંતનીરે, પુણ્યે પામીજે એહરે."

આ બન્નેના ઉત્તર જુદી રીતના આવ્યા અને કારણપરત્વે રાજાનો મયણાસુંદરી ઉપર ક્રોધ થયો. તેના પરિણામે તેને એક કુષ્ટી સાથે પરણાવી અને સુરસુંદરીને રાજાના કુંવર સાથે પરણાવી. તેનું છેવટે કેવી રીતનું પરિણામ આવ્યું તે જાણવાની ઇચ્છાવાળાને શ્રીપાળચરિત્ર અથવા રાસ વાંચવાની અને સાંભળવાની ભલામણ કરી આપણે અત્રે જે જોવાનું છે તે જોઇશું. ન્યાયી વૃત્તિ એ પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે, તેવીજ રીતે ન્યાયી વૃત્તિ એ પુણ્યાનુબંધી પુણ્યના ફળરૂપે પણ છે. એમ પણ ઉપરના શ્લોકમાં જણાવ્યું છે. પૂર્વના શુભ પુણ્યના ઉદયથીજ ન્યાયી વૃત્તિ થાય છે. ન્યાયી વૃત્તિ અથવા પ્રમાણિકપણાથી વ્યાવહારિક ઘણા દુર્ગુણો આવતા અટકી પડે છે.

શાસ્ત્રકારોએ આપણને ૧૮ સ્થાનકો બતાવ્યા છે. તે અઢાર સ્થાનકોમાંના ઘણાં કેટલાક થોડા પ્રમાણમાં અને કેટલાક તો સર્વથા ન્યાયી વર્તનથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બંધાતા નથી એ કંઈ ઓછો લાભ નથી.

શાસ્ત્રકારોએ ધર્મના સ્થાનકોમાં દ્રવ્ય ખર્ચનારાઓને માટે જે જે મહત્ ફળ બતાવેલું છે તેમાં મુખ્ય જે સરત મૂકેલી છે તે એજ કે ધર્મસ્થાનકોમાં અથવા ધર્મના ઉદયને માટે જે ધન ખર્ચવાનું છે તે ન્યાયોપાર્જિત દ્રવ્ય હોવું-જોઇએ. ન્યાયોપાર્જિત દ્રવ્યથી જ મહદ્ લાભ થાય છે. તેજ દ્રવ્ય જો અન્યાયથી પેદા કરેલું હોય છે, અને ધર્મકાર્યમાં ખર્ચવામાં આવે છે તો તેના ઉત્તમ ફળની પ્રાપ્તિનો અભાવ તો બાજુ ઉપર રહ્યો, પણ ઉલટો તેનાથી તેને અનર્થનો લાભ થાય છે. વિવેકવિલાસ નામના ગ્રંથમાં તે ગ્રંથના કર્ત્તા શ્રી જિનદત્તસૂરિ મહારાજ તો એટલે સુધી જણાવે છે કે અન્યાયથી ઉપાર્જિત કરેલા દ્રવ્યથી જો જિનચૈત્ય બંધાવવામાં આવે છે તો તે દ્રવ્ય તેના ફળના નાશનું કારણ થાય છે.

જૈન ધર્મના એકંદર બંધારણનો પાયો ન્યાય ઉપરજ છે, અને ન્યાયજ જૈનધર્મને પ્રિય છે. ન્યાયી વૃત્તિ સિવાયનો માણસ જૈન ધર્મની પ્રાપ્તિ કરી શકે કે કેમ ? તે શંકા જેવું છે.

જૈન ધર્મની વૃદ્ધિ ઇચ્છનાર, તેને શોભાવવાની વાંચ્છા કરનાર અને તેની પ્રભાવનાના ઇચ્છકે તો ન્યાયી થવુંજ જોઇએ. તેની ન્યાયી વૃત્તિ એજ જૈનધર્મનું ભૂષણ છે અને બીજાના મનમાં ધર્મનું મહત્ત્વ ઉત્પન્ન કરનાર છે. જેઓ જૈનધર્મી હોવાનો દાવો કરે છે, અને પોતાનું વર્તન ન્યાયથી ઉલટી રીતે રાખનાર છે તેઓ ખરેખર જૈન ધર્મના દ્વેષી અને તેની હિલના કરાવનાર છે. તેઓ ધર્મને ભૂષણરૂપ ન થતાં ઉલટા હિલના કરાવનાર થાય છે. ધર્મની હિલના કરાવનાર પોતાના બોધીબીજનો નાશ કરે છે એમ શાસ્ત્રકારોએ ફરમાવેલું છે. જેઓ ન્યાયથી ઉલટી રીતે વર્તનાર છે, તેઓ ધર્મના આગળ વધતા પ્રવાહને અટકાવવાને મોટા બંધારા તુલ્ય છે. કેમકે તેથી જેઓની ઇચ્છા ધર્મના શુભ આશયને સમજવાની અને અંગીકાર કરવાની હોય છે, તેનો તેનાથી ભંગ થાય છે, અને તેઓની આત્મિક ઉન્નતિને અટકાવવાના કારણભૂત તેઓ બને છે.

ત્યારે વ્યાવહારિક અને પારમાર્થિક બન્ને રીતે ન્યાયી પ્રવૃત્તિ ફળદાયી છે, તો પછી તે પ્રાપ્ત કરવાને આપણે દરેકે પ્રયત્ન કરવોજ જોઇએ. જેટલે જેટલે અંશે તેમાં આપણે આગળ વધીશું તેટલે તેટલે અંશે આપણી પોતાની આર્થિક અને આત્મિક ઉન્નતિમાં વધારો કરી શકીશું. પ્રસંગવશાત્ શાસન પ્રભાવનાના કાર્ય કરવાને પણ શક્તિમાન થઈ શકીશું. એ કંઇ ઓછો લાભ નથી.

**વકીલ નંદલાલ લલ્લુભાઇ—વડોદરા.**

For Private And Personal Use Only

# जैन कॉन्फरन्स हैरल्डना पर्युषणना श्रीमन् महावीर चरित्र अंक [ उत्तरार्ध ] नी समालोचना.

આ અંકમાં જે જે ગદ્ય પદ્યાત્મક લેખો છે તેના મુખ્ય ચાર વિભાગ પાડવામાં આવેલા છે. ૧ ગુજરાતી ખાસ લેખો. ૨ સ્ત્રી વાંચન વિભાગ. ૩ ખાનગી લેખ, અને ચોથો ચિત્ર પરિચય. આમાં પાછળના ત્રણ વિભાગની પર્યાલોચના કરવા જેવું નથી. કારણ કે સ્ત્રી વાંચન વિભાગમાં ઘણા તો પદ્યાત્મક લેખો છે. અને તે પણ મોટે ભાગે પ્રાચીન કવિઓની કૃતિનો કરેલો સંગ્રહ છે. ખાનગી પત્રોવાળા લેખમાં કેટલુંક ગદ્ય છે, પરંતુ તે સંબંધમાં ખાસ કહેવા જેવું નથી. જો કે પર્યુષણમાં અપાતા મિચ્છામિદુક્કડમના સંબંધમાં કેટલુંક ખરૂં રહસ્ય સમજ્યા વિના પીષ્ટપેષણ કર્યું છે, પરંતુ તેને ખાનગી પત્રોનું ઉપનામ આપેલું હોવાથી તે ક્ષંતવ્ય છે. ચાલુ લેખમાં કાંઈ વિશેષ નથી અને ચિત્ર પરિચયમાં સુવિખ્યાત મી. વીરચંદ રાઘવજી ગાંધી વિગેરેના જીવન ચરિત્રનો ટુંકો ટુંકો ઉલ્લેખ છે તે સંબંધમાં પણ અવલોકન કરવાનું રહેતું નથી.

પ્રારંભના ખાસ લેખોવાળા વિભાગમાં પણ ૧૨ લેખો તો પદ્યબંધ છે, ( તેના પેટા વિભાગ ગણતાં સંખ્યા વધારે થાય છે. ) અને તે પણ મોટે ભાગે પૂર્વ પુરૂષોની કૃતિના છે. તે સંબંધમાં અવલોકન કરવા જેવું કાંઈ નથી. તેમાં માત્ર કહેવા જેવી હકીકત એકજ છે અને તે એ છે કે પૃષ્ઠ ૪૭૮ ઉપર આપેલા શ્રી મહાવીર સ્વામીના સ્તવનમાંથી પ્રથમની ત્રણ ગાથા લભ્ય છતાં જાણી જોઇને મુકી દીધી છે તે યોગ્ય કર્યું નથી. જો એ ગાથા નાખતાં મનમાં સંકોચ થતો હતો તો તે સ્તવનજ નાંખવું નહોતું. બાકી તે ગાથાઓ સુદેવ કુદેવની મુર્તિનું યથાર્થ પ્રત્યક્ષ દેખાય છે તેવુંજ સ્વરૂપ બતાવતી હોવાથી અમને તો તે ગાથાઓ નાખવામાં વાંધો લાગતો નથી.

હવે ગદ્યાત્મક લેખો કુલ ( ૧૦ ) છે તેનું ટુંકમાં અવલોકન કરીએ.

૧ પ્રથમ લેખ 'મહાવીર સંબંધે કંઈ કંઈ' એ મથાળાવાળો તંત્રીનો લખેલો છે. તેમણે આ લેખના જુદા જુદા ૧૦ વિભાગ પાડેલા છે. સંગ્રહ કરવામાં પ્રયાસ સારો કર્યો છે, જુદા જુદા ગ્રન્થોના અવલોકનના પરિણામરૂપ એ લેખ છે. તેણે ૨૭ પૃષ્ઠ રોકેલા છે. તેની અંદર કવચિત્ કવચિત્ સ્ખલનાઓ થએલ છે. તે સ્મરણમાં રહેવા માટે આ નીચે જણાવેલ છે.

પ્રારંભમાં આપેલા પહેલા શ્લોકમાં कारकाय છે ત્યાં वारकाय જોઇએ અને બીજા શ્લોકમાં विश्वप्लुत છે ત્યાં विश्वप्लुति જોઇએ. તે શ્લોકના ત્રીજા પાદમાં

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હરિ શબ્દ છે તે સિંહવાચક છે, કારણ કે પ્રથમ વિષ્ણુ શબ્દે વાસુદેવ થએલ છે, તેથી ફરીને વાસુદેવ થયેલ નથી પણ સિંહ થયેલ છે.

મહાવીર સ્વામીના પૂર્વભવમાં છેવટની પંક્તિમાં ' ૨૬માં ભવે મહર્દ્ધિકદેવ ' લખેલ છે ત્યાં ' દશમા દેવલોકમાં મહર્દ્ધિકદેવ ' એમ લખવું જોઇએ.

પૃષ્ટ ૪૩૪ ઉપર આપેલ પદ્યમાં '**સંવત પાસ ઈશ, દોસય અડતાળીશ,** એટલે પાર્શ્વ સંવતના ૨૪૮ મા વર્ષે વીર પ્રભુ જન્મ્યા એમ જણાવ્યું છે. તેની ગણત્રી આ પ્રમાણે સમજવી.

૭૦ પાર્શ્વનાથ ભગવંતે દીક્ષા લીધી ત્યારથી તેમનો સંવત શરૂ થવાથી તેમના સંયમ પર્યાયના ૭૦ વર્ષ.

૧૭૮ પાર્શ્વનાથના નિર્વાણ પછી ૧૭૮ વર્ષે વીર પ્રભુ જન્મ્યા ને ૨૫૦ વર્ષે નિર્વાણ પામ્યા તે ૧૭૮ વર્ષ.

પૃષ્ટ ૪૩૫ પર આવેલા પ્રથમ શ્લોકમાં કર્ત્તાનું નામ જિનપ્રભસૂરિ લખીને ચોથું પાદ પછી છાપ્યું છે તે ચોથું પાદ ઉપર છાપવું જોઇએ.

પૃષ્ટ ૪૩૬ પર આપેલી માગધી ગાથાઓ પૈકી ચોથી ગાથાના ઉત્તરાર્ધમાં બે ભૂલ છે તે પાદ ' **सेसाणत्ति एवंचिय, णियणिय तिथ्थेसु विण्णेया** ' આ પ્રમાણે જોઇએ.

પૃષ્ટ ૪૩૭ ના અંતમાં ને પૃષ્ટ ૪૩૮ ના પ્રારંભમાં " ત્રિશલા રાણીના ઉદરમાં ગર્ભ સંક્રમાવ્યો ત્યારે શ્રી દેવાનંદા બહુ શોકમગ્ન થયા, તેથી વીર પ્રભુએ અવધિજ્ઞાનથી જાણ્યું કે ' અહો ! મારા નિમિત્તથીજ આજે આટલું બધું દુઃખ થયું, પણ હવે મારા અંગહલનથી આ ત્રિશલામાતાને દુઃખ ન થાય તો સારૂં, એમ વિચારીને ભગવત્ ગર્ભસ્થાનમાં સ્થિર રહ્યા." આ પ્રમાણે લખ્યું છે પરંતુ આ બે હકીકતમાં અંતર ઘણું છે, એક સાથે બે વિચાર કર્યાજ નથી. ગર્ભહરણ ચ્યવન પછી ૮૨ રાત્રી વ્યતીત થઈ ત્યારે થયું છે અને ગર્ભમાં પ્રભુ સ્થિર રહ્યા તે તો ૭ મે મહીને બન્યું છે. આ હકીકત લેખકે પણ એજ પારિગ્રાફને છેડે લખેલી છે.

પૃષ્ટ ૪૩૮ ની પંક્તિ ૧૮મી માં ઉપરના શ્લોકનો અર્થ લખતાં લખ્યું છે કે ' આ બાપની સેવા તે પ્રવ્રજ્યાનું પ્રારંભ મંગળ-ભાવ મંગળ છે. ' એમાં પ્રારંભ મંગળ ને ભાવમંગળ ઠરાવ્યું છે તે અહીં ઘટી શકતું નથી. તેનું કારણ જણાવ્યું છે તે વિચારતાં પણ તે ભાવમંગળનું નિમિત્ત થઇ શકે પણ સ્વયંભાવમંગળ થાય તેમ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃષ્ઠ ૪૪૧ માં મહાવીરની તપશ્ચર્યા ગણાવતાં ‘ છ માસમાં પચ્ચિન્યૂન ’ એમ લખ્યું છે. તે ‘ પાંચદિનન્યૂન ’ જોઇએ.

તેજ પૃષ્ટમાં પરમાર્થે આચરણની ચોથી પંક્તિમાં ‘ દીક્ષા લીધા પહેલાં બે વર્ષ સુધી પોતે દાન દીધું ’ એમ લખ્યું છે ત્યાં એક વર્ષ જોઇએ.

પૃષ્ટ ૪૪૪ માં ગૌતમ સ્વામીને પટ્ટધર ન નીમ્યાના કારણમાં જે હકીકત લખી છે તેમાં ખરી બળવાન હકીકત છે તે જણાવી નથી. પ્રબળ કારણ તો એ છે કે કેવળ જ્ઞાની સર્વ જીવોનું ત્રિકાળ સ્વરૂપ સર્વ સમયે જાણતા હોવાથી છદ્મસ્થ મુનિઓને સારણા વારણાદિ કરતા નથી, કારણ કે તે પરિણામ જાણે છે. તેથી શાસન તો છદ્મસ્થનેજ સોંપવા યોગ્ય છે કે જે દરેક મુનિને સારણા વારણાદિ કરવામાં પ્રયત્નવાન્ રહે. ગૌતમસ્વામી તો પ્રભુના નિર્વાણ પછી તરતજ કેવળજ્ઞાન પામવાના હતા તે પ્રભુ જાણતા હતા તેથી તેમને પટ્ટધર ન નીમ્યા.

પૃષ્ટ ૪૪૬માં સરલતા-નિરભિમાનતાના પેટામાં ત્રીજા પારામાં લખ્યું છે કે-“ કેશીસ્વામીએ એમ ન કહ્યું કે-હું દીક્ષાએ મોટો છું, માટે તમે મારી પાસે ચારિત્ર લ્યો. ” આ હકીકતમાં જે કારણ જણાવ્યું છે તે બરાબર નથી. કેશી સ્વામીએ એમ ન કહ્યાનું ખરૂં કારણ એ છે કે-“ તેઓ પોતે તો સામાન્ય મુનિ હતા અને ગૌતમસ્વામી ગણધર હતા, વળી શાસન મહાવીર સ્વામીનું પ્રચલિત થયું હતું તેથી તેમણે ગૌતમસ્વામી પાસે ચારિત્ર લીધું નથી, પરંતુ વીર પ્રભુના શાસનની પ્રવૃત્તિ અનુસાર પાંચ મહાવ્રત સ્વીકાર્યા છે. ” અત્યારે પણ જેમ લઘુ વયના-ઓછા દીક્ષા પર્યાયવાળા મુનિ પણ જો આચાર્ય પદવી પામે તો તે તેનાથી વધારે દીક્ષા પર્યાયવાળા સર્વ મુનિઓને વંદનિક થાય છે તેમ ગણધર માટે સમજવું. કેશીસ્વામી પણ ગણધર કહેવાય છે, પરંતુ તે મુનિસમુદાયના અધિકારી રૂપ ગણધર છે; પ્રભુ પાસે ત્રિપદી પામીને થયેલા ગણધર નથી.

પૃષ્ટ ૪૪૫ પંક્તિ ૧૭ મીમાં દેશ દેશ હજાર છાપેલ છે તે દશ દશ હજાર જોઇએ. આ ભૂલ તો છાપનારાથી થયેલી જણાય છે.

પૃષ્ટ ૪૪૬ પર બાવીશમા વિભાગમાં લખ્યું છે કે-આનંદ શ્રાવકે કહ્યું કે ‘ મને જ્ઞાન ઉપજ્યું છે ’ ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે-‘ ના, ના, એટલું બધું હોય નહીં. ’ અહીં આનંદ શ્રાવકે અમુક હદનું અવધિજ્ઞાન થયું છે એમ વિસ્તારથી કહેવું જોઇએ. ત્યારે તેના જવાબમાં ગૌતમ સ્વામીએ એમ કહ્યું કે-‘ એટલું બધું શ્રાવકને હોય નહીં.’

પૃષ્ટ ૪૪૭ પર શ્રમણ આદિનો અર્થ-એ મથાળા નીચે નિગ્રંથ શબ્દના અર્થમાં સ્યાદ્વાદ પ્રાપ્ત એવો શબ્દ તે નિગ્રંથનો કહેતા હતા.’ એમ લખ્યું છે પણ તે વાક્યમાં શબ્દને સ્થાને નિગ્રંથની ઘણી દશાઓ પૈકી એક દશા કહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતા એમ હોવું જોઇએ.

આ પૃષ્ટ નીચે નોટમાં એક માગધી ગાથા લખી છે તે અશુદ્ધ છે. સૂત્રોમાંથી ગાથા ઉદ્ધરવી અને શબ્દબોધ સિવાય અશુદ્ધ લખવી એ યોગ્ય નથી. એથી એનો ખરો અર્થ ઝળકી શકતો નથી.

પૃષ્ટ ૪૫૦ પર કયા જીવોએ વીર પ્રભુના તીર્થમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું તેના નામ તથા હમણા કયાં છે તે લખ્યું છે, તેમાં શતક શ્રાવકનો જીવ ત્રીજી નરકમાં છે એમ લખ્યું છે તેમાં ભૂલ થઈ જણાય છે. ભગવંતના શ્રાવકોમાં **શંખ ને શતક** મુખ્ય હતા, શતકનું બીજું નામ **પુષ્કુળી** હતું, તે નરકે ગયેલ નથી. માટે એ વિષે વધારે તપાસ કરવાની જરૂર છે. બાકી બતાવેલા નવે જીવો ભવિષ્યમાં કયા કયા તીર્થંકરો થશે તેના નામો લખ્યા છે તેમાં ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર સાથે મેળવતાં નામાંતર થાય છે. તેનો નિર્ણય બહુશ્રુત સમીપે કરવા યોગ્ય છે.

એજ પૃષ્ટની પંક્તિ ૨૯ મીમાં પદ્મનાથ લખ્યા છે તે **પદ્મનાભ** જોઇએ.

પૃષ્ટ ૪૫૨ ની પંક્તિ ૧૩મીમાં અભિમાન ચિંતામણિ લખ્યું છે તે **અભિધાન ચિંતામણિ** જોઇએ.

પૃષ્ટ ૪૫૪ની છેલ્લી પંક્તિથી જમાળીની માન્યતા વિષે લખ્યું છે તે ભૂલભરેલું લખ્યું છે. ટીકા વાંચ્યા સિવાય પરભાર્યું સૂત્ર ઉપરથી ખરો અર્થ સમજ્યા વિના લખ્યાનું એ પરિણામ છે. તેમાં 'એક સમયે વસ્તુ ઉપજે નહીં અને નાશ પામે નહીં' એમ લખી કૌંસમાં ( વસ્તુ ઉપજતાં ઘણા સમય લાગે ) એમ લખી દીધું છે તે ખરો રહસ્ય સમજ્યા વિનાનું છે. એ શ્રીભગવતિ સૂત્રના પ્રથમ આળાવામાં ઘણી ઊંડી ફીલોસોફી સમાયલી છે, તે ગુરૂ સમીપે સમજવા લાયક છે. જમાળીનો વાંધો વસ્તુ ઉપજતાં ઘણો સમય લાગવાનો નહોતો પણ **ક્રિયમાણં કૃતં** કહેવું કે નહીં તે સંબંધી હતો.

પૃષ્ટ ૪૫૫ માં '**પંચદિવ્યવૃષ્ટિ**' એ મથાળા નીચે લખેલ છે પણ તે મથાળુંજ બરાબર નથી. પંચદિવ્યમાં વૃષ્ટિના પ્રકાર ત્રણજ છે, બાકી એક આકાશમાં દેવદુંદુભી વાગે તે છે અને બીજું '**અહોદાન, અહોદાન**' એવી દેવો ઉદ્ઘોષણા કરે છે તે છે. વળી તે મથાળા નીચે લખતાં પ્રારંભમાં 'પ્રત્યેક ઠેકાણે તીર્થંકર ભીક્ષાર્થે જતાં સુવર્ણવૃષ્ટિ ઇત્યાદિ થાય એમ શાસ્ત્રના કહેવાનો અર્થ સમજવા યોગ્ય નથી' વિગેરે લખ્યું છે, પરંતુ એનો અર્થ તેજ છે. તીર્થંકર જ્યાં આહાર ગ્રહણ કરે ત્યાં સમીપના ક્ષેત્રદેવતાઓ સુવર્ણવૃષ્ટિ વિગેરે પાંચ દિવ્ય પ્રગટ કરે છેજ. એમાં સંશય કરવા જેવું નથી. ઉત્તમ મુનિના આહારગ્રહણ વખતે ભજના છે, પરમાત્મામાં ભજના નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃષ્ઠ ૪૫૬ માં 'ગણધર કોને કહેવામાં આવે છે?' એ મથાળા નીચે લખતાં 'તીર્થંકરની સાથે દીક્ષા લે છે અથવા તીર્થંકર અરિહંતને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે તેની પાસે દીક્ષા લે છે' એમ લખ્યું છે તેમાં પહેલી વાત બરાબર નથી. ગણધર થનાર મહાત્મા તીર્થંકરની સાથે દીક્ષા લેતા નથી, ભગવંતની પ્રસિદ્ધ—કેવળજ્ઞાન થયા પછી દીક્ષા લે છે. (પ્રારંભના લેખની સમાલોચના અહીં પૂરી થાય છે).

૨ બીજો લેખ '**શ્રી મહાવીર**' એ મથાળા નીચે **વાડીલાલ મોતીલાલ** શાહે પ્રાર્થના સમાજમાં કરેલા ભાષણનો છે. આ લેખમાં લેખકે અન્યમતાવલંબીની પાસે ભગવંત મહાવીરનું ચરિત્ર કેવા રૂપમાં મૂકવું તે બહુ સારી રીતે સમજાવ્યું છે. ભાષણ અસર કરે તેવું છે, પરંતુ તેની ઢબ પ્રમાણે આપણા વર્ગના સંબંધમાં લખતાં કેટલી બાબત હદ ઉલ્લંઘી ગયા છે. એકંદર રીતે લેખ સારો છે. તેની અંદર કેટલીક અંકોની ભૂલ છે તે સુધારવા માટે આ નીચે જણાવી છે.

પૃષ્ઠ ૪૬૧ પંક્તિ ૨૪મી માં 'સુખો ૩૨ વર્ષની ઉમર સુધી ભોગવ્યા' નું લખ્યું છે ત્યાં ૨૮ અથવા ૩૦ વર્ષ જોઈએ.

પૃષ્ઠ ૪૬૩ પંક્તિ ૧૯મી માં ૪૨૦૦ મુનિઓ લખ્યા છે તે ૪૪૦૦ જોઈએ. ૧૦ હજાર મુનિઓ લખ્યા છે તે ૧૪૦૦૦ જોઈએ. અને શ્રાવિકા ૩૦૦૦૦૦ લખેલ છે તે ૩૧૮૦૦૦ જોઈએ.

૩ ત્રીજો લેખ '**સ્વાવલંબન**' ના મથાળા નીચે **લઘુતમ લાલનનો** લખેલો માત્ર દોઢ પૃષ્ઠ જેટલો ટુંકો છે તેમાં કાંઈ સમાલોચના કરવા જેવું **નથી.**

૪ ચોથો લેખ '**ભગવાન મહાવીરનો સમય**' એ મથાળા નીચે સને ૧૯૦૬માં બાબુ પી. સી. નહારજીએ ઐતિહાસિક દૃષ્ટિએ ભગવંતના સમયનો નિર્ણય કરનાર લેખ લખેલો તેનો ઉતારો છે. તે સંબંધમાં અહીં સમાલોચના કરવા યોગ્ય નથી. ઇતિહાસજ્ઞોએ આ અને એવા લખાયેલા બીજા લેખો વાંચી ખરી હકીકત પ્રકટ કરવા યોગ્ય છે.

૫ પાંચમો લેખ '**બુદ્ધ અને જૈન**' એ મથાળા નીચે **સુદર્શન** માસિકમાં મણિશંકર રત્નજી ઉપાધ્યાયે લખેલ લેખનો ઉતારો છે. તે સંબંધમાં પણ સમાલોચના કરવા યોગ્ય નથી; કારણ કે લેખક જૈનેતર છે તેથી તે જેવું પોતે સમજેલ છે તેવું લખ્યું છે. તેની અંદર અશુદ્ધતા ઘણે સ્થળે છે પરંતુ તે ભૂલ ગુરૂ સુધારનારની હશે એમ માનીને તે ક્ષંતવ્ય છે.

૬ છઠ્ઠો લેખ—'**મહાવીરના દશ શ્રાવકો**' એ મથાળા નીચે **ગોકુળદાસ નાનજીભાઈ ગાંધીનો** લખેલો છે. એમણે આ લેખમાં શ્રીઉપાસગદશાંગ સૂત્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંથી લઇને આળાવાના ટુકડે ટુકડા ઘણે સ્થળે તદ્દન નિરૂપયોગી મૂકયા છે. આ હકીકત તેઓ ટીકાનો આધાર લીધા સિવાય પરભાર્યાં સૂત્રો વાંચવાના અભ્યાસવાળા હશે એમ સૂચવે છે. પરંતુ સૂત્રોના રહસ્યને યથાર્થ સમજનારા મહાન્ પ્રતિભાશાળી આચાર્યોની કરેલી ટીકાઓ વાંચીને અથવા ગુરૂમુખે સાંભળીને સૂત્રોનો ખરો અર્થ સમજવામાં ન આવે ત્યાં સુધી તેનું ખરૂં રહસ્ય પામી શકાતું નથી.

બીજી બાબત એમણે દશ શ્રાવકના ચરિત્રને આધ્યાત્મિક દૃષ્ટિએ ઘટાવ્યા છે તે છે. જે ચરિત્ર એવા વિચારથી લખાયેલું હોય તેમાં તો આધ્યાત્મિક દ્રષ્ટિથી **ઉપમિતિ ભત્ર પ્રપંચા કથ.**ની જેમ ઉતરી શકે છે. પરંતુ જે ચરિત્ર લખતાં એવો આશય રાખવામાં આવ્યો ન હોય તેને મરડી મચરડીને તેવા રૂપમાં ઉતારવા જતાં રસ ઢળી જાય છે અને શુષ્કતા પ્રકટ થાય છે.

લેખકે પોતાનો આશય લેખના પ્રાંત ભાગમાં પ્રકટ કરેલ છે કે જે પૃષ્ઠ ૪૯૦ ઉપર છપાયેલ છે, તેની અંદર તેઓ લખે છે કે–"**સૂગમાં જ્યાં જોઇએ ત્યાં સ્નાન કરી નવાં વસ્ત્ર પહેરીને પર્ષદા મહાવીરને વાંદવા ગઈ એમ પાઠ છે.**" "**લોંકાશાહની પરંપરાના જૈનોએ તો સ્નાન કરી નવાં વસ્ત્ર પહેરી મુનિરાજ સામા ધામધુમથી જવાનો રીવાજ તદ્દન ઉત્થાપી નાંખ્યો છે.**" "**વળી આનન્દ વગેરે શ્રાવકો હમેશાં નિયમબંધી સ્નાન કરતા હતા. તેમના સમયમાં પણ જિનપ્રતિમાનું પૂજન હતું, કારણકે આનંદે નિયમ ધારણ કર્યો કે 'હવેથી હું અન્ય તીર્થી, અન્ય તીર્થીના દેવ તથા અન્ય તીર્થીએ ગ્રહણ કરેલ અરિહંતની પ્રતિમાજી તેમને વાંદું નમું નહીં' આનો અર્થ એવો થાય છે કે 'સ્વતીર્થી એટલે જૈનોએ ગ્રહણ કરેલ અરિહંતના પ્રતિમાજીને વાંદું નમું.'**" ઈત્યાદિ. આ પારીગ્રાફ વાંચતાં તેમનો આશય સમજી શકાય તેમ છે.

લેખકની વૃત્તિ સુંદર જણાય છે, લેખનકળા પણ સારી છે, પરંતુ કેટલીક બાબતમાં સ્વતંત્રતા વાપરી પ્રકરણાદિકનું જ્ઞાન અને ગુરૂગમ મેળવ્યા સિવાય સૂત્રાદિક વાંચી તદનુસાર લેખો લખે છે, જેથી સ્ખળના થયા કરે છે. તેઓ જો ગુરૂગમ સેવી તેમની પાસેથી શાસ્ત્રરહસ્ય મેળવશે તો તેમના લેખ વધારે ઉપયોગી થઈ પડશે. આ લેખે ૧૩ પૃષ્ટ રોકયા છે, તેની અંદર થયેલી સામાન્ય સ્ખળનાઓ સ્મરણમાં રહેવા માટે આ નીચે જણાવી છે.

પૃષ્ટ ૪૭૯માં ચાર પ્રકારના અનર્થદંડ લખતાં ત્રણ પ્રકાર લખ્યા છે, એક પ્રકાર **હિંસપ્રદાન**-હિંસક અધિકરણો માગ્યા ન આપવા, એ લખવો રહી ગયો છે. વળી **अहिगरणचंपमुरवलकुसलेणं** એટલું **પ્રતિક** લખી તેનો અર્થ લખતાં 'અધિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તર, હાટ, ખાંડા, પૈડાં, કટારી, ઉખળ, મુશળ વિગેરેમાં કુશળ ' લખ્યા છે. અહીં બંધ મોક્ષમાં કુશળ લખવા જોઇએ તેને બદલે અધિકરણમાં કુશળ લખાણા છે. અહીં તેમજ આ ભાગમાં નીચે પણ અર્થની સ્ખળના વિશેષ છે. મૂળ સૂત્રમાંથી પ્રતિક લેતાં જેમ તેમ લઇને મૂકી દીધા છે. સમકિતના પાંચ અતિચાર સંબંધી પ્રતિક લખીને તેનો અર્થ આ પ્રમાણે લખ્યો છે–" શંકા એટલે શ્રી જિનરાગના અભેદ માર્ગમાં જે આત્મજ્ઞાન ભાખ્યું છે તેમાં શંકા ન લાવવી; તેમાં સંશય ન લાવવો તે કંખા; ફલાપ્રાપ્તિ ( ફળપ્રાપ્તિ જોઇએ ) ની શંકા તે વિતિગિચ્છા; પરપાખંડી એટલે આત્મધ્યાનથી વિમુખોની **પ્રશંસા કરવી નહીં;** આત્મજ્ઞાન રહિત એટલે પરપાખંડી અર્થાત્ બહિર્દષ્ટિવાળાની **સ્તવના** પણ ન કરવી. સમકિતિ એટલે આત્મજ્ઞાનીને આ પાંચ મોટા અતિચારો કહેલા છે." આ અર્થ ખરી હકીકતનું અજ્ઞાનપણું બતાવે છે. તેનો ખરો અર્થ જો ટીકામાં અથવા અન્યત્ર લખેલો વાંચ્યો હોત તો આમ ન લખાત "**શંકા**–જિન વચનમાં શંકા–સંદેહ કરવો તે; **કંખા** ( આકાંક્ષા ) પરમતની અભિલાષા કરવી તે. **વિતિગિચ્છા** ધર્મના ફળનો સંદેહ કરવો તે; **પરપાખંડી પ્રશંસા** પાખંડીની પ્રશંસા કરવી તે; **પરપાખંડી સંસ્તવ**–પાખંડીનો પરિચય કરવો તે; (અહીં સંસ્તવ શબ્દ સ્તવના વાચી નથી, પણ પરિચય વાચી છે. ) આ પાંચ અતિચારો કહેલા છે." આ અર્થની સાથે ઉપરનો અર્થ મેળવી જોવો. વળી અર્થ લખતાં શંકા, પ્રશંસા, સ્તવના વિગેરે ન કરવાનું લખીને છેવટે એ અતિચારો છે એમ લખવું એ પણ ઘટતું નથી.

પૃષ્ટ ૪૮૧ ઉપર આનંદ શ્રાવકને થએલા અવધિજ્ઞાનના વિવરણમાં " લવણસમુદ્ર તરફ ૫૦૦ યોજન ક્ષેત્ર દીઠું, ક્ષેત્રના સ્વભાવને જાણ્યા દીઠા, એમજ દક્ષિણ દિશા, પશ્ચિમ દિશા, ઉત્તર દિશા તરફ મૂળહેમવંત પર્વત, ત્રણ પર્વત પર્યંત વર્ષધર પર્વતની સીમા સુધી જાણે દેખે." આ પ્રમાણે તદ્દન અસ્તોવ્યસ્ત અર્થ મૂળસૂત્રને અવલંબીને સમજ્યા વિના અર્થ લખવાથી અને હકીકતના અજ્ઞાનપણાથી લખ્યો છે. ત્યાં ખરો અર્થ એ છે કે–' પૂર્વ, પશ્ચિમ ને દક્ષિણ દિશાએ લવણસમુદ્રમાં પાંચશે પાંચશે યોજન સુધી દેખે, ઉત્તર દિશાએ ચૂળહિમવંત પર્વત સુધી દેખે ' ભરતક્ષેત્રની ચતુર સીમા જાણવામાં હોત તો અસ્તોવ્યસ્ત અર્થ લખી શકાત નહીં. ( ચૂળહેમવંતના મૂળહેમવંત લખાણા છે. તે તો શુદ્ધ સુધારનારની ભૂલ જણાય છે).

પૃષ્ટ ૪૮૨ પંક્તિ ૪–પમાં લખ્યું છે કે– ' શ્રી ગૌતમ સ્વામી કે જે ૧૪ પૂર્વધારી મનઃપર્યવજ્ઞાની હતા, તેમના મનમાં શંકા કંખા ઉપજી અને મનમાં વિતિગિચ્છા પામ્યા થકા દુતિપલાશ ચૈત્યમાં શ્રીમહાવીર પાસે આવ્યા ' આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાક્ય જેમ મનમાં આવ્યું તેમ લખી દીધું છે. ગૌતમસ્વામીને શંકા કંખા ને વિતિગિચ્છા ઉપજી એમ લખ્યું છે એટલે શું ? તેમને પ્રભુના વચનમાં શંકા થઈ? પરમતની અભિલાષા થઈ? ધર્મના ફળનો સંદેહ થયો ? આ ત્રણે વાત ઘટી શકે નહીં.

બીજા શ્રાવકોના અધિકારમાં વિશેષ પર્યાલોચના કરી નથી. દશમા શ્રાવકનું નામ **સાલીયો** લખ્યું છે, તે બરાબર નથી. તેનું ખરૂં નામ **તેતલીપિતા છે.** આ પણ માગધી ભાષાના જ્ઞાનનું અજ્ઞાનપણું સૂચવે છે. કોઈપણ ભાષાનું ખરૂં જ્ઞાન મેળવ્યા સિવાય તે ભાષાનાં અર્થ લખવા કે કહેવા તે યોગ્ય નથી.

૭ સાતમો લેખ '**શ્રમણ ભગવંત મહાવીર**' એ મથાળાનો **પોપટલાલ કેવળચંદ શાહનો** લખેલો છે. લેખ ટુંકો ૪ પૃષ્ટનો છે, પણ અસરકારક છે. તેની પ્રાંતે નીચેનો મનહર મુકયો છે તે પણ બહુજ સુંદર છે.

**વીરવાણી તણી લાણી મહા ભાગ્યે મળે જાણી,**
**શાણી મહારાણી સહુ વાણીમાં જણાય છે;**
**ઉજળી ઉદાર અને ગરવી ગંગાજ જેવી,**
**અઘ મેલ પાપ સહુ જેવડે હણાય છે;**
**નય ને નિક્ષેપાના તરંગ અંગ ઉછળે છે,**
**મધુરી મહાન મીઠી માવડી મનાય છે;**
**જેના જેવી જગતમાં બીજી જોડી જાણી નથી,**
**એવી વીરવાણી વંદનીય વખણાય છે. ૧**

આ લેખની અંદર કેટલીક હકીકત સુધારવા યોગ્ય જણાય છે તે નીચે પ્રમાણે.

પૃષ્ટ ૪૯૨ પંક્તિ ૩૦ મીમાં ' ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુ પછી ૨૫૦ વર્ષે તેઓ (મહાવીર) થયા ' આમ લખ્યું છે ત્યાં ૧૭૮ વર્ષે થયા એમ જોઈએ; કારણ કે આ હકીકત વીરપ્રભુના જન્મની છે. વીરપ્રભુ પાર્શ્વનાથથી ૨૫૦ વર્ષે તો નિર્વાણ પામ્યા છે, તેથી તેમના આયુષ્યના ૭૨ વર્ષ બાદ કરતાં ૧૭૮ વર્ષ જોઈએ.

પૃષ્ટ ૪૯૩ પંક્તિ ૫ મીમાં ' સાધુઓની સંગતિથી તેઓ આનંદ પામતા, એમ લખ્યું છે, તે પ્રભુના સંબંધમાં ઘટતું નથી; કારણ કે તીર્થંકર છદ્મસ્થપણામાં સાધુ ( મુનિ ) ના સંબંધમાં આવતા નથી.

ત્યાર પછી પંક્તિ ૯ મીમાં ' રાજાને ભય લાગ્યો કે તે સાધુ થઈ જશે, તેથી તેમને સંસારબંધનમાં રાખવા દરેક ઉપાય લીધા. ' આ વાકય પણ પ્રભુના સંબંધમાં ઘટતું નથી, પ્રભુને કંઈ દીક્ષા લેશે એવા ભયથી પરણાવ્યા નથી, પણ વ્યાવહારિક રીતે પ્રભુને પાણિગ્રહણ કરવા કહ્યું અને તેઓ પોતાને ભોગકર્મનો ઉદય જાણી પરણ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃષ્ઠ ૪૯૪ પંક્તિ ૧ લીમાં ' ચોથા આરાના ૩ વર્ષ ને ૮ માસ બાકી રહ્યા હતા ' લખ્યું છે ત્યાં ત્રણ વર્ષ ને સાડા આઠ માસ જોઇએ.

૮ આઠમો લેખ ' **મહાવીર અને જૈન યુવકો** ' એ મથાળાવાળો રા. **લોગીન્દ્રરાવ ર. દીવેટીયા બી. એ.** નો લખેલો છે. આ લેખ જો કે માત્ર ૪ પૃષ્ઠનો છે. પરંતુ ઘણોજ અસરકારક છે. વીર પ્રભુના ચરિત્રમાંથી માત્ર ૧૧ જુદી જુદી બાબતો લઇને તેને એટલી બધી ભવ્ય રૂપમાં પ્રદર્શિત કરી છે કે જેને માટે તેઓને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. આવા ઉત્તમ લેખકને હાથે ઉછરતી વયના યુવકો માટે મહાવીર ચરિત્ર લખાવાની જરૂર છે. મહાવીર ચરિત્ર કેવી રીતે લખાવું જોઇએ ? એ સંબંધમાં આ લેખક લેખ લખવા ઇચ્છા ધરાવે છે, તો તે લખાવવો જોઇએ. ગુણગ્રાહી બુદ્ધિવાળા સિવાય આવા ઉત્તમ લેખ લખી શકાતા નથી. બીજા બધા લેખો કરતાં આ જૈનેતરનો લેખ ચિત્તને વધારે અસર કરે તેવો છે.

૯ નવમો લેખ ' **શ્રીમદ્ મહાવીરના ચરિત્રમાંથી ઉદ્ભવતો બોધ** ' એ મથાળાનો શા. ફત્તેચંદ ઝવેરભાઇનો લખેલો છે. તેણે અગીયાર પૃષ્ઠ રોકેલા છે. લેખ સારો છે. લેખકે પ્રયાસ પણ સારો લીધો છે. પરંતુ ભાષા સંસ્કૃત શબ્દોથી શોભીતી કરવા જતાં કેટલીક જગ્યાએ ક્લિષ્ટતા આવી ગઇ છે. વળી વાક્યો લંબાવવાથી વ્યાકરણ દોષ પણ કવચિત્ દ્રષ્ટિએ પડે છે. લેખને કૃત્રિમ શોભા આપવા કરતાં સ્વાભાવિક શુદ્ધ ગુજરાતી ભાષામાં લેખ લખવામાં આવે તો તે ઓછી અસર કરતો નથી. આ લેખની અંદર કોઇ કોઇ જગ્યાએ સહજ સુધારો સૂચવવા યોગ્ય જણાયો છે તે આ નીચે બતાવવામાં આવ્યો છે.

પૃષ્ઠ ૫૦૨માં **શરીરબળ** સંબંધી પારિગ્રાફમાં છેલ્લું વાક્ય ' તેમજ ક્ષાયિક સમ્યક્ત્વ ગુણનો તેમનામાં આવિર્ભાવ થયેલો હતો ' એ લખ્યું છે તે અગાઉના વાક્યો સાથે સંબંધ ધરાવતું નથી. તેમ તેની પછીના પારિગ્રાફના પ્રારંભમાં મુકવા લખ્યું હોય તો તે પારા **માતૃપિતૃભક્તિ** સંબંધનો છે, જો કે છાપવામાં સો ત્યાર પછીના બીજા પારામાં તેમ લખેલું છે પણ તે ભૂલ છે. એમાં પણ આ વાક્ય બરાબર ઘટતું નથી. વળી તીર્થંકરને ક્ષાયિક સમકિતજ હોય અથવા મહાવીર સ્વામીને ક્ષાયિક સમકિત હતું એવો કોઇ સ્થાને ઉલ્લેખ નથી.

ત્યાર પછીના પારાના પ્રારંભમાં ' આ જ્ઞાન અને સ્વભાવ સુંદર ગુણથી માતા પિતાના સંબંધનું સંસારપરત્વે ક્ષણવિનશ્વરપણું જોયું હતું ' ઇત્યાદિ લખ્યું છે પણ તે પ્રસંગને ઉચિત જણાતું નથી. માતૃપિતૃ ભક્તિનો પ્રસંગ આ હકીકત સાથે ઘટમાન લાગતો નથી.

તેની નીચેના પારિગ્રાફના પ્રારંભમાં " બીજા જે તીર્થંકરો આ ચોવીશીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ ગયેલા છે તેમના કરતાં તીર્થંકર ભવમાં ઉદયમાન મનુષ્યોને તેવી પરિસ્થિતિઓ અતિશયોક્તિપણે પરિણમી અશ્રદ્ધામાં દબાઇ જાય.” ઈત્યાદિ લખ્યું છે. તેનો અર્થ સમજવો પણ મુશ્કેલ પડે છે. આવી વાક્યની ક્લિષ્ટતા પસંદ કરવા લાયક નથી.

પૃષ્ટ ૫૦૩ ની પંક્તિ બીજીમાં ‘ નેવું કે એકસો મણના ગોળાને ફેરવી શકે છે’ એમ સેંડોને માટે લખ્યું છે. પરંતુ ફેરવવાનો અર્થ દોડવવો કરવામાં આવે તો જુદી વાત છે, બાકી ઉંચો ઉપાડીને ફેરવવાનું અથવા શરીર ઉપર તેટલો ભાર સહન કરવાનું કહેવા આવે તો તે બરાબર નથી.

એજ પૃષ્ટના પ્રાંત ભાગમાં ‘મોહનીય અને અતંરાય કર્મ ઉપર વિશિષ્ટ પ્રકારે તેમનું આત્મબળ ગતિમાન હતું’ ઇત્યાદિ વીરપ્રભુને માટે લખ્યું છે. તેમાં **મોહનીયને** સ્થાને **વેદની** લખ્યું હોત તો વધારે યોગ્ય હતું, કારણકે વીરપ્રભુને અસાતા વેદનીનો ઉદય બીજા તીર્થંકરો કરતાં પ્રમાણમાં બહુ વધારે હતો અને તેને ખપાવવા તેઓ સતત્ ઉદ્યમી હતા.

પૃષ્ટ ૫૦૪ પંક્તિ ૪ થીમાં–‘ શ્રીતીર્થંકરની તાત્ત્વિક દૃષ્ટિ કેટલી ઉચ્ચ અને ગગનવિહારી હતી’ ઇત્યાદિ લખ્યું છે. પરંતુ તાત્ત્વિક દૃષ્ટિને માટે **ગગનવિહારી** વિશેષણ ઘટમાન નથી. અતિ ઉચ્ચ હતી એ વિશેષણજ એને માટે બસ છે.

એજ પૃષ્ટની પંક્તિ ૨૨મીમાં સંગમ દેવે કરેલા ઉપસર્ગના સંબંધમાં લખતાં ‘ શ્રીપ્રભુ નિશ્ચલ અને અડગ હતા ત્યારે તે પોતાના અકૃત્યનો પશ્ચાતાપ કરવા લાગ્યો. તેના પ્રાયશ્ચિત માટે સમવસરણમાં શ્રીપ્રભુ પાસે આવતાં તેને શરમ લાગતી હોવા છતાં શ્રીપ્રભુ તેને બોલાવે છે’ ઇત્યાદિ લખ્યું છે તેમાં પ્રભુ નિશ્ચલ હતા તે સિવાયની હકીકત બરાબર નથી. સંગમ અભવ્ય જીવ છે, તેને પશ્ચાત્તાપ થયોજ નથી; વળી તેને પ્રાયશ્ચિત્ત લેવાની બુદ્ધિ પણ થઈ નથી–થવી સંભવતી પણ નથી. વળી તે વખત પ્રભુ છદ્મસ્થાવસ્થામાં હતા એટલે સમવસરણ હતુંજ નહીં. તેને પ્રભુ પાસે આવતાં શરમ લાગે તેમ પણ નહોતું અને પ્રભુએ તેને બોલાવ્યો પણ નથી. ફક્ત તેને પ્રભુને ચળાવવામાં નિરાશ થઇને પાછો જતો જોયો ત્યારે પ્રભુને તેના ઉપર દયા આવી છે ને ચક્ષુ આર્દ્ર થયા છે.

પૃષ્ટ ૫૦૬ ઉપર **યોગાવંચકપણું** લખતાં પંક્તિ **૨૧** મીમાં ‘અને શરીર કોઇપણ પ્રકાર’ વિગેરે લખ્યું છે તે સંબંધ વિનાનું લાગે છે. આ ગડબડ છપાતાં થઈ હોય તો પણ સંભવિત છે. તેની **નીચેના પારિગ્રાફમાં પણ** એવી ગરબડ થઇ જણાય છે.

પૃષ્ટ ૫૦૭ પર **મતસહિષ્ણુતા** સંબંધી લખતાં **ગૌતમસ્વામી પ્રભુ પાસે** વેદની ચર્ચા કરવા આવ્યાનું લખ્યું છે, પરંતુ તેઓ કાંઈ ચર્ચા કરવા આવ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[illegible] વાદ કરીને જીતવા આવ્યા હતા. અને પ્રભુને જોયા પછી પોતાના હૃદયની [illegible] ટાળે તો ખરા સર્વજ્ઞ જાણી શિષ્ય થવા વિચાર કર્યો હતો.

[illegible] દશમો લેખ 'શ્રીમહાવીર' એ મથાળાવાળો 'B. R. D.' ની [illegible] ૪ પૃષ્ઠ પ્રમાણ છે. લેખ ઠીક છે. વાંચવા જેવો છે. તેની અંદર પૃષ્ઠ [illegible] પંક્તિ ૪ થીમાં 'ગુરૂને ઘેર ગયા ને અભ્યાસ કર્યો' એમ લખ્યું છે. [illegible] પંક્તિ ૬ ઠ્ઠી માં 'પિતાએ ભણવાનો ઉત્સવ કર્યો અને પૂર્ણ જ્ઞાન મેળવ્યું' એમ લખ્યું છે. તે બંને હકીકત બરાબર નથી. પિતાના આગ્રહથી ગુરૂને ઘેર ગયા એ ખરી વાત છે. પરંતુ તે હકીકત અવધિજ્ઞાનવડે જાણી ઇંદ્ર ત્યાં આવ્યા અને પ્રભુને ગુરૂના આસનપર બેસારી ગુરૂના મનમાં જે જે શંકાઓ હતી તે ઇંદ્રે પૂછી ને પ્રભુએ ટાળી. કારણકે પ્રભુને તો જન્મથી ત્રણ જ્ઞાન ( મતિ, શ્રુત, અવધિ ) હતા. પછી ગુરૂ ( મહેતાજી ) ને પોશાક આપી નિશાળીઆઓને રાજી કરી પ્રભુને લઇને સિદ્ધાર્થ રાજા પોતાને ઘરે આવ્યા. આ પ્રમાણે હકીકત છે. વળી પૂર્ણ જ્ઞાન પણ ત્યાં મેળવ્યું નથી. પૂર્ણજ્ઞાન કેવળજ્ઞાન કહેવાય છે, તે તો ચારિત્ર લઇને બાર વર્ષે પ્રભુએ ઘાતીકર્મ ખપાવીને મેળવ્યું છે. આ સિવાય બીજું આ લેખ સંબંધે કંઈ લખવા જેવું નથી.

આ સમાલોચના ધાર્યા કરતાં લંબાણ થઈ ગઇ છે. પરંતુ પ્રભુના ચરિત્રને બાધકકારી થાય તેવો ભાગ લખાયેલ હોય તો તે સ્પષ્ટ બતાવી આપવાની જરૂર જણાવાથી તેમજ તંત્રીનો સવિસ્તર રીવ્યુ લેવા માટે ખાસ આગ્રહ હોવાથી સાદ્યંત દરેક લેખ બરાબર વાંચીને આ સમાલોચના લખવામાં આવી છે. બાકી સામાન્ય રીતે તો અનેક બુકોની સમાલોચના ઉપલક ઉપલક જોઈ જઇને કર્તા પ્રસન્ન રહે તેવી રીતે લખવામાં આવે છે, તેમ આમાં કરવામાં આવ્યું નથી. વળી આ કાર્ય દ્વેષદ્રષ્ટિથી કરવામાં આવ્યું નથી, તેથી તેને [illegible] નિર્મળ દ્રષ્ટિથી વાંચી પ્રત્યેક લેખના લેખકો લક્ષમાં લેશે તો લેખો વાંચવાનો અને સમાલોચના લખવાનો અમારો પ્રયાસ ફળીભૂત થશે.

હેરલ્ડના 'મહાવીર' નામથી પ્રગટ થયેલા બંને અંકમાં સમાસ ઘણો કરવામાં આવ્યો છે, મહાવીર પ્રભુના સ્તવનો, સ્તુતિઓ, સઝાયો વિગેરેનો સંગ્રહ પણ સારો કરવામાં આવ્યો છે. એ બંને અંકો એકઠા કરીને પોતાની લાઇબ્રેરીમાં રાખવા અમે સર્વે જૈન બંધુઓને ખાસ ભલામણ કરીએ છીએ. આવો સંગ્રહ કરવાના પ્રયાસને માટે હેરલ્ડના તંત્રી રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઇને અમે ધન્યવાદ આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુસ્તકોની પહોંચ.

[illegible] માસથી ભેટ આવેલા પુસ્તકોની પહોંચ આ નીચે પ્રકટ કરવામાં [illegible] છે. આમાંથી રીવ્યુ લેવા માટે આવેલા પૈકી જરૂરીઆતના પુસ્તકોને રીવ્યુ [illegible] પછી લેવામાં આવશે. તેમજ હવે પછી દરમાસે ભેટ આવેલા પુસ્તકો અને [illegible] વિગેરેની પહોંચ નિયમસર આપવામાં આવશે. આવી રીતે જાહેર સંસ્થા-[illegible] પોતાના યોગ્ય પુસ્તકો ભેટ મોકલવામાં તેનો ઘણા માણસો વાંચવાનો [illegible] લે તે લાભ ઉપરાંત તેની પહોંચ પ્રગટ થવાથી એક જાહેરખબરની [illegible] સાદર સારું છે એ લાભ સમજવાનો છે. તેથી વિદ્વાનોએ પોતાની તરફથી [illegible] આવા પુસ્તકો ભેટ મોકલવાની પ્રવૃત્તિ શરૂ રાખવી તેજ યોગ્ય છે.

નીચે જણાવેલ બુકો ને પુસ્તકો ચૈત્ર શુદિ. ૧ પછીથી ભેટ આવેલા છે [illegible] ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | આનન્દ કાવ્ય મહોદધી મૌક્તિક ૨ જું. | | શેઠ દેવચંદ લાલભાઈ ઝવેરી. | મુંબઈ. |
| ૨ | શ્રી સ્થૂળભદ્ર ચરિત્ર. | સંસ્કૃત. | ” | |
| ૩ | શ્રી ચતુર્વિંશતિ જિનાનાં સ્તુતયઃ | ” | ” | |
| ૪ | શ્રી પદ્મ પુરૂષ ચરિતમ્. | ” | ” | |
| ૫ | શ્રી ધર્મ સંગ્રહ. પૂર્વ ભાગ. | ” | ” | |
| ૬ | શ્રી જૈન ગ્રન્થ ગાઈડ. | ગુજરાતી. | શ્રી જૈન આત્માનંદ સભા. | ભાવનગર. |
| ૭ | શ્રી આચારોપદેશ. | સંસ્કૃત. | ” | |
| ૮ | શ્રી રોહીણી અશોકચંદ્ર કથા. | ” | ” | |
| ૯ | શ્રી નવાણું પ્રકારી પૂજા–સાર્થ–ગુજરાતી. | | ” | |
| ૧૦ | ગુરૂદેવ ગુણ મણિમાલા. | ” | ઝવેરી ભોગીલાલ ધોળશાજી. | અમદાવાદ. |
| ૧૧ | કુમારપાળ ચરિત્ર. | હિન્દી. | શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ. | મુંબઈ. |
| ૧૨ | શ્રી પંચપ્રતિક્રમણ સૂત્રાર્થ. | આવચૂરી. | શ્રી જૈનશ્રેયસ્કર મંડળ. | મેસાણા. |
| ૧૩ | સમાધિ શતક. | શાસ્ત્રી. | મુનિ માણેક મુનિ. | આગ્રા. |
| ૧૪ | દેવચંદજી કૃત ચોવીશી. સૂત્રાર્થ. | ” | વકીલ મોહનલાલ હેમચંદ. | પાદરા. |
| ૧૫ | જીવવિચાર. | ગુજરાતી. | દિગંબર જૈન તરફથી. | સુરત. |
| ૧૬ | રૂપસુંદરી. | શાસ્ત્રી. | ” | |
| ૧૭ | જૈન માર્ગ દીપીકા. | ગુજરાતી. | શા. ખેમચંદ પીતાંબરદાસ. | વલાદ. |
| ૧૮ | શ્રી નવપદ મહાત્મ્ય અને વિસસ્થાનકાદિ તપગુણવર્ણન | ” | શ્રી આણંદ સુબોદય મંડળ. | |
| ૧૯ | શ્રી જૈન તત્ત્વસાર. | હિન્દી. | શ્રી જૈન જ્ઞાન પ્રસારક મંડળ. | શીરોહી. |
| ૨૦ | સાક્ષાત્ મોક્ષ. | ” | ” | ” |
| ૨૧ | સ્યાદિ શબ્દ સમુચ્ચય. | સંસ્કૃત. | બનારસ યશોવિજયજી જૈન પાઠશાળા. | |
| ૨૨ | સ્વામી દયાનંદ ઔર જૈનધર્મ. | હિન્દી. | પંડીત હંસરાજ શાસ્ત્રી. | સુરત. |
| ૨૩ | [illegible] અનંતકાયવિચાર. | ગુજરાતી. | ભાવસાર ગાંડાલાલ માનચંદ. | વરતેજ. |
| ૨૪ | [illegible] બુહુ. | ગુજરાતી. | શા. અચરતલાલ જગજીવન. | ભાવનગર. |
| ૨૫ | [illegible] પ્રથમ ભાગ. | હિન્દી. | જવાહીરલાલ જૈની. | સીકન્દરાબાદ. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अमारुं पुस्तक प्रसिद्धि खातुं.

### १. तरतमां बहार पडवाना ग्रंथो.

१ श्री अध्यात्मसार. पं. गंभीरविजयजी कृत टीका युक्त.
२ श्री अध्यात्मसार मूळ, मूळ ने टीकाना भाषांतर युक्त
३ श्री सूक्ष्मार्थ विचार सारोद्धार सार्ध शतक. सटीक.

### २ छपाय छे.

४ श्री श्रीपाळराजानो रास. मूळ. सारांश तथा रहस्ययुक्त.
५ श्री कर्मप्रकृति ग्रंथ. श्री यशोविजयजी कृत टीकायुक्त.
६ श्री उपदेश सप्ततिका. स्वोपज्ञ टीकायुक्त.
७ श्री कर्मग्रंथ उपरनी नोट, समजुति, बासठीआ, यंत्रो विगेरे.
८ श्री त्रिषष्टि शलाका पुरुष चरित्र भाषांतर. पर्व ८—९

### ३. तरतमां छपावा शरु थशे.

९ श्री शांतिनाथ चरित्र. संस्कृत पद्यबंध.
१० श्री उपदेश प्रासाद ग्रंथ. मूळ. विभाग २ जो. (स्थंभ ७ थी १२)
(शा. हीरालाल बकोरदास रांधणपुर निवासी तरफथी.)

### ४. नीचेना ग्रंथो तैयार थाय छे.

११ उपदेश प्रासाद ग्रंथ. मूळ. विभाग ३—४ स्थंभ १३ थी २४.
१२ श्री उपमिति भव प्रपंचा कथानुं भाषांतर.
१३ श्री हेमचंद्राचार्य चरित्र. (गुजराती भाषामां)
१४ श्री परिशिष्ट पर्व भाषांतर.
१५ श्री हीर सौभाग्य काव्य भाषांतर.
१६ श्री आरंभसिद्धि विगेरे जैन ज्योतिष ग्रंथो. भाषांतर युक्त.

बीजा बे त्रण नाना चरित्रोना भाषांतर जुदा जुदा गृहस्थो तरफथी तैयार करावबामां आवे छे. तेना नामो हवे पछी बहार पडशे.

---

### श्री बोरोसरामां प्रभुने नवो मुकुट—तन्निमित्ते महोत्सव.

श्री बोरोसरामां शेठ छगनलाल लक्ष्मीचंदे उदार दिलथी रु. ३०००) लगभग किंमतनो मुकुट करावी मूळनायकजीने मोटा महोत्सव साथे पहेराव्यो छे. मळेला द्रव्यनो खरेखरो सदुपयोग कर्यो छे. एवा उत्तम जीवो धन्यवादने पात्र छे.

### श्रीराधणपुरमां थयेल महान् तपस्या.

श्रीराधणपुरमां पं. चतुरविजयजीना परिवारना मुनि अमृतविजयजीए ४२ उपवास कर्या छे. बीजा एक नव दीक्षित मुनि धनविजयजीए मासखमण कर्युं छे. अमे तेमनी महातपस्यानी अनुमोदना करीए छीए. अने शासन देवनी सहायवडे आ महा तपस्यानी निर्विघ्न संपूर्णता इच्छीए छीए, त्यां मुख्य मुनिराज श्री क्षमाविजयजी छे.

For Private And Personal Use Only